

# અધ્યાત્મ

વર્ષ : ૧૦ જુન-૧૯૮૯ અંક : ૯

## * સદ્ભાવભરી ભેટ *

દિન પ્રતિદિન વધતી જતી આ મોંઘવારીમાં અધ્યાત્મ માસિકને ટકવાનું કોઇ સાધન હોય તો તે સદ્ભાવભરી ભેટ છે. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. માશ્રી સર્વેશ્વરીની અસીમ કૃપાથી આ ભેટનો પુનિત પ્રવાહ એવો ચાલે છે કે તે જોઇ અમે ઘણીવાર આશ્ચર્ય અનુભવીએ છીએ. છેલ્લે મળેલી સહાયની વિગતો નીચે પ્રમાણે છેઃ-

રૂ.
૧૧ શ્રી ભારતીબેન અગ્નિહોત્રી.
૨૫ પ્રો શ્રી. ટી. જી. ભટ્ટ સુરત, ભાઇ રાજેન્દ્રના લગ્ન પ્રસંગે.
૧૦૨ શ્રી જેકીશનભાઈ શૂરા, નેત્રંગ.
૫૧ શ્રી ઈન્દ્રવદન મો. શાહ, જૂનાગઢ.
૫૦૧ શ્રી ગોરધનભાઇ સોરઠિયા.
૧૦૧ એક શ્રેયાર્થી–મોરબી.
૧૦ શ્રી ધીરજલાલ શાહ, મુંબઇ.
૫૧ કલ્પના જતીન ઠાકોર, સુરત પુત્રજન્મની ભેટ.
૨૧ પૌત્રી કાલિન્દીના પ્રથમ જન્મ દિને શ્રીમતી સુશીલાબેન કે. ઠાકોર તરફથી.
૨૧ શ્રી ઠાકોરભાઈ જી. દેસાઇ સુરત.
૧૩૦ શ્રી યોગેશ્વરજીના ભક્તો તરફથી, સત્યપથ ઉપર મોકલેલી ભેટોના.
૨૧ શ્રી કસ્તુરભાઇ કે. પટેલ અમદાવાદ સાઢુભાઇ બિમારીમાંથી સાજા થતાં.
૧૧ શ્રીમતી વિમળાબેન ઉપાધ્યાય, ભાવનગર.
૧૦૧ મેસર્સ આચાર્ય ઈન્ડસ્ટ્રીઝ, સાકીના નાકા, મુંબઇ. ફેકટરીના સીલ્વર જ્યુબિલી વર્ષ નિમિત્તે.
૫૦ શ્રી મુકુન્દભાઈ નટવરલાલ સોરઠિયા.

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

¤ **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
¤ **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
¤ **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઇલાલભાઇ છાટબાર, શ્રી મણિભાઇ સી. શાહ.
¤ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન**
¤ 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.
¤ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
¤ **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર– ૧

### લેખકોને નિમંત્રણ

¤ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
¤ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

¤ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
¤ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
¤ 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
¤ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
¤ 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
¤ દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## —: અનુક્રમણિકા :—


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| પૂ. માના જન્મદિનની ઉજવણી | | ૯ |
| પૂ. માનો જન્મોત્સવ | આશાભક્ત | ૧૧ |
| રામકૃષ્ણ પરમહંસનું દર્શન | વિજય પુરોહિત | ૨૫ |
| શ્રી શ્રીમા શારદાદેવી | સ્વામી ગંભીરાનંદજી | ૩૦ |
| સંકીર્ણતા | સ્વ. મહેન્દ્રકુમાર દેસાઇ | ૩૩ |
| રાજા મયુરધ્વજ | ભરતભાઇ ભક્ત | ૩૮ |
| શ્રી આદિ શંકરાચાર્ય | ધૂની માંડલીયા | ૪૨ |
| સત્ય-ઉપલબ્ધિ | ભાઇલાલભાઇ છાટબાર | ૪૯ |
| સર્વેશ્વરીની બાવની | ઈશ્વરભાઈ ભક્ત | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૮ |
| નવ મળતું | ડો. રણજિત પટેલ | ૬૨ |
| અભિપ્સા ને યાચના | રતિલાલ ભાવસાર | ૬૩ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૦ જૂન-૧૯૮૯ અંક : ૯

## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

સ્થળ : ભાવનગર, સિવિલ હોસ્પીટલ-સ્પેશિયલ વોર્ડ.

ગુરુવાર-દુર્ગાઆઠમ, ભાદરવા સુદ ૨૦૩૬, તા. ૧૮-૯-૧૯૮૦

આજે ગુરુવાર. સાઇબાબાનો પવિત્ર વાર. દર ગુરુવારે પૂ. શ્રી સાઇબાબાની સ્તુતિ બોલે છે. આ ગુરુવાર હોસ્પિટલમાં વીતે છે.

સવારે જ નવા ડોક્ટર વોરા આવ્યા છે. તેઓ પાંડુરંગ શાસ્ત્રીનું કાર્ય કરે છે. નીચા નમીને પૂ. શ્રીને વંદન કરે છે. માતાજીની માંદગીની વાતો ચાલે છે. ગ્લુકોઝ વધવો જોઇએ ઘટવો ન જોઇએ. એવી ડોક્ટરની વાતો સાથે સંમત થતાં પૂ. શ્રી કહે છે:—

"જીવનમાં તીવ્ર વૈરાગ્ય પણ કામનો નથી તેમ તીવ્ર વિલાસ પણ કામનો નથી. ભગવાન બુદ્ધનો મધ્યમમાર્ગ જ જીવનમાં

ઉપયોગી છે. જેમ ગ્લુકોઝ વધારે પણ નકામો અને ઓછો પણ નકામો, મધ્યમ–માપસરનો જ ગ્લુકોઝ શરીરમાં ઉપયોગી છે."

ડ્રેસીંગ પહેલાં આજે આઠ વાગ્યે સવારે એક ગ્લુકોઝનો બાટલો ચઢાવ્યો છે, જે સવા અગિયાર વાગ્યા સુધી ચાલ્યો. ત્યારબાદ સફાઇ ને પછી ડ્રેસીંગ શરૂ થયું. તે પૂર્ણ થતાં ભોજન લેવા માટે જીતુભાઇને પણ આજે સાથે લીધા. ભોજન કરતાં પહેલાં શ્લોક બોલી આજે પૂ. શ્રીએ સર્વેશ્વરી માતકી જે બોલાવી. ભોજન પહેલાં હું બહાર હતી તો પૂ. શ્રી કહે, "ચાલો, દક્ષિણેશ્વર વાસિની ભોજન કરીએ."

દરરોજની જેમ આજે પણ ભોજન પીરસવાનું કાર્ય પૂ. શ્રીએ સંભાળ્યું. વળી મેં કહ્યું, "ના, હું જાતે જ લઇ લઇશ." પૂ. શ્રી કહે, "ના, હું પીરસુ તેમાં ઘણો ફરક પડે. મંત્ર બોલીને પીરસવાનું જેથી થોડું વધારે જમી શકાય. અરે ! સ્વર્ગમાં ઇન્દ્ર પણ વાતો કરે છે કે અમને તો યોગેશ્વરજી પીરસતા જ નથી. કેવાં ભાગ્ય છે જેને તેઓ પીરસે છે તેનાં !"

વડોદરાથી આજે શ્રીજીતુભાઇ ગાંધી પણ હોસ્પીટલમાં મળવા આવી પહોંચ્યા. એ રીતે લગભગ દોઢ વાગ્યે મણિનગરથી માતાજીની દીકરી પણ મળવા આવી ગયાં. પૂ. શ્રી એમની સાથે વાતો કરે છે. સાથે સાથે માતાજીની સંભાળ પણ સતત રાખતા રહે છે.

સાંજે માતાજીને ગ્લુકોઝના બે બાટલા ચઢાવવાની વાત શરૂ થઇ છે. તે મુજબ પહેલો બાટલો ૮ વાગ્યે આપી દીધો. માતાજીને પૂ.શ્રી ને મારામાં જ વિશ્વાસ બેઠો છે, જેથી જે હાથે ગ્લુકોઝ અપાઇ રહ્યો છે તેને પકડવાનું કામ મને જ મળે છે.



વચ્ચે ડો. કોઠારી પૂ. શ્રી ઉપર પ્રેમભાવ હોવાથી પોતાની વિઝિટો મૂકીને મળવા આવી ગયા. તેમની સાથે દરરોજની જેમ પૂ. શ્રીએ માતાજીને અપાતી દવા વિષે વાતો કરી. આજકાલ ભાવનગરમાં રામાયણની કથા ચાલે છે તેના ઉપરથી વાતો નીકળી. પૂ. શ્રી કહે છે, "પારાયણ પણ આખરે તો ઈશ્વરપરાયણ થવા માટે જ છે ને !"

મોડી રાત્રે દૂધ વગેરે લઇ આરામ કર્યો. માતાજીની યોગ્ય સંભાળ રાખવામાં આવી. સાંજે અને રાત્રે કંઇ કામ પડે તે માટે શ્રી નારાયણભાઇ જાની અને નરોત્તમભાઇ પંડ્યા બહાર સૂઇ ગયા છે. હરિ ૐ.

ભાદરવા સુદ નોમ, ૨૦૩૬, તા. ૧૯–૯–૧૯૮૦, શુક્રવાર.

આ હોસ્પીટલનો સ્પેશિયલ વોર્ડ છે. પણ હોસ્પીટલના મુખ્ય મકાનથી સાવ અલગ, એકદમ સ્વતંત્ર અને એકાંતમાં હોઇ દર્દીને એમ ના લાગે કે પોતે હોસ્પીટલમાં સૂતાં છે. એટલે જ તો માતાજીને અહીં દાખલ કર્યા છે, તો પણ તેમને ઉતારો બદલીએ છીએ એવું ન જણાયેલું.

આજકાલ માતાજીને સવારે અને સાંજે બે–બે બાટલા ગ્લુકોઝ અપાય છે. એટલે સવારે છ વાગ્યે ઊઠી પરવારી આઠ વાગ્યે તૈયાર રહેવું પડે છે. બે ગ્લુકોઝના બાટલા પૂરા થતાં, સાડા અગિયાર વાગી જાય છે. પણ ડ્રેસીંગ પછી સ્પંઝીંગ કરતાં દોઢ વાગી જાય છે. પછી ભોજન લેવામાં આવે છે.

આજે નવ વાગ્યે રાજકોટથી શ્રી ઉમિયાશંકરભાઇ મળવા આવ્યા છે. સાથે ભાઇલાલભાઇ પણ આવ્યા છે. પૂ. શ્રી

સર્વેશ્વરીની સેવાની મુક્તકંઠે પ્રશંસા કરે છે.

એ જ રીતે સાંજે પૂ. શ્રી શ્રી બકુભાઇ શેઠ, શ્રી બાલુભાઇ, શ્રી રાજેશભાઇ સૌની આગળ પણ સર્વેશ્વરીની અદ્‌ભુત સેવાની વાતો કરે છે.

આજે રાત્રે માતાજીની દીકરી અમદાવાદ જનાર છે. જેથી વિદાય લે છે. વાતો શરૂ થાય છે.

પૂ. શ્રી:-જુઓ, તમારી સંભાળ સર્વેશ્વરી પણ રાખે છે ને ?

માતાજી:–"હા, એ પણ બિચારી ખૂબ જ પ્રેમથી મારી સેવા કરે છે. એવી સેવા તો કોઇ સગુ પણ ના કરે. જ્યારે જોઇએ ત્યારે હસતાં હસતાં જ સેવા કરે છે. જરાપણ કંટાળો નહિ. આવી સેવા તો બીજુ કોણ કરે ? ઈશ્વર એમને સુખી રાખે."

તારાબેન:–"હા, સારી સેવા થાય છે વળી, મહાત્માજી તમારી પાસે છે એટલે બધાને શાંતિ."

માતાજી:–જો, બેટા સાંભળ ! મને જીવવાનો હરખ નથી, તેમ મરણનો શોક નથી. જે વખતે જે થવાનું હશે તે થશે જ. હું મહાત્મા પાસે છું એટલે મને નિરાંત છે. કશી ચિંતા નથી. એમના જેવી સેવા કોઇપણ ના કરી શકે. આખો દિવસ ઊભાને ઊભા–ખડે પગે તૈયાર રહે છે. જરાક બોલાવું તો ઝબકીને જાગી જાય અને આવી પહોંચે છે. એમને લીધે બધા ડોક્ટરો પણ જોવા આવે છે.

આવી વાતો બાદ તારાબેન વિદાય થાય છે. આખા દિવસ દરમ્યાન માતાજી યાતના વેઠી રહ્યાં છે. સાંજે પણ બે બાટલા ગ્લુકોઝ આપવામાં આવે છે. જેથી રાત્રે સાડા દશ વાગે દૂધ પીવાનું બને છે.



એજ રીતે આખા દિવસ દરમ્યાન ડોક્ટરોની વણઝાર ચાલ્યા કરે છે. હોસ્પીટલમાં આવતાં પહેલાં ડોક્ટર કોઠારી નિયમિત સારવાર માટે આવતા. તેમ અહીં પણ આવે છે. સત્સંગ અને સારવારની વાતો થાય છે. ભાવનગરમાં ચાલી રહેલી રામાયણ પારાયણની વાતો નીકળતાં પૂ. શ્રી કહે છે, "પારાયણ કે કથા કરનાર બધા સાધના કરતા જ હોય છે એવું નથી. સારા વક્તા હોય, થોડીઘણી લોકભોગ્ય શૈલી હોય અને મોટી વાત તો જો યશ રેખા હોય તો શ્રોતાઓ ટોળાબંધ આવે છે. એકવાર કોઇકનું નામ પ્રસિદ્ધ થઇ ગયું પછી તો નામ સાંભળીને જ લોકો ભેગા થયા કરે."

"ઘણીવાર સારામાં સારા વિદ્વાન હોય પણ સમાજ તેમનો સદુપયોગ નથી કરતો. બાકી તો લોકભોગ્ય સરળ ભાષા હોય એટલે કામ ચાલ્યું."

"ઘણીવાર કથાકાર માટે કથા કરવી એ પણ એક વ્યસન જેવું થઇ જાય છે. એક સપ્તાહ પૂરી થાય પછી બીજી, બીજી પૂરી થાય એટલે ત્રીજી, આમ ચાલ્યા કરે છે. અને ઘણીવાર કથા ના ગોઠવાય તો કથાકારને ચેન ના પડે આવું અમારા ગામના શાસ્ત્રીજીને થતું. જેમ દરદીઓ ન આવે તો ડોક્ટરને ચેન ન પડે તેમ."

"સારા વિદ્વાનોમાં નડિયાદવાળા પૂ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીનું સ્થાન ઊંચું છે. એક સમય હતો જ્યારે વૈષ્ણવો એમને જ સપ્તાહ કરવા બોલાવતા. પણ જેમ સારામાં સારો હજામ હોય પણ દુકાન નથી ચાલતી, તેમ વિદ્વાનોનું પણ એવું જ માનવું રહ્યું."

શ્રી કોઠારી ડોક્ટર હોવા છતાં સંતપ્રેમી છે. દરરોજ આવીને

સત્સંગનો લાભ લે છે. હોસ્પીટલમાં પણ સત્સંગનો સમય ડોક્ટરોને મળી રહે છે.

એજ રીતે અહીંના શ્રી પોપટભાઇ ડોક્ટર છે, જેઓ નિયમિત સારવાર માટે આવે છે અને સત્સંગની વાતો કરે છે આજે તેઓ આવીને બેઠા છે અને તરત જ પૂછે છે, "એકાદશી ક્યારે છે ?" તમે કહો તે દિવસે અમે તો કરીશું એમ એકાદશીની વાતો શરૂ થાય છે.

પૂ. શ્રી પોતાનો અભિપ્રાય આપતા કહે છે, "હું તો પહેલી જ એકાદશી કરૂં છું, બીજી એકાદશી સુધી જીવનનો કાંઇ ભરોસો ખરો ! એકાદશી સારીરીતે કરવામાં આવે એટલે કે દૂધ કે દૂધફળ ઉપર તો આરોગ્યરૂપી વૈકુંઠ બીજે જ દિવસે મળી જાય. વિગેરે."

ત્યારબાદ પૂ. શ્રી પોતાના હાર્ટએટેક વખતે સર્વેશ્વરીની સેવાની વાતો કરે છે.

એજ રીતે ડોક્ટર ગઢવી સાથે ધ્યાન, સમાધિ, શવાસન, આહાર વિના લાંબો સમય ટકવાની વાતો થાય છે. આમ જુદા જુદા ડોક્ટરો સાથે જુદી જુદી વાતો થાય છે. હોસ્પીટલ જાણે ઘડીભર સત્સંગનો હોલ બની જાય છે.

આજકાલ સતત કામ રહે છે જેથી શરીર થાક અનુભવે છે. છતાં મનની પ્રસન્નતાથી સેવા થયા કરે છે. પ્રભુએ આ એક નવી ભૂમિકા ઉભી કરી છે જેથી મનદુઃખ, મતભેદ વગેરે બધું જ દૂર થઇ જશે અને સર્વશ્રેષ્ઠ સેવાની ભૂમિકાએ જીવન જીવવાનો સુવર્ણ સમય આવી પહોંચશે. હરિ ૐ.



વિદેશની ધરતી ઉપર

# પૂ. માના જન્મદિનની ઉજવણી

(નોંધઃ-માણસને સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે સામાજિક મેળાઓ કે લગ્નપ્રસંગો સારી રીતે ઉજવવાનું મન વિશેષ કરીને થતું હોય છે. પરંતુ કોઇ સંત કે તપસ્વી વ્યક્તિનો જન્મદિન ઉજવવાનું તો કોઇ વિરલ વ્યક્તિનેજ સૂઝે.)

અમારા શ્રી ભગવાનજીભાઇ ભક્ત અને શ્રી કંચનબેન આવા વિરલ વ્યક્તિ. એમને વિચાર આવ્યો કે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી અમેરિકામાં છે, તો ચાલો આપણે એમનો જન્મદિન લોસએન્જેલસમાં ઉજવીએ. જીવનમાં એવું સૌભાગ્ય ક્યાંથી કે પૂ. મા એમના જન્મદિને વિદેશની આ ધરતી ઉપર હોય !

વિદેશમાં કોઇ મહેમાનને તેડવા એ કેટલું કપરું કામ છે એ અમે અમારી વિદેશ યાત્રા દરમ્યાન જાતે અનુભવ્યું. મહેમાનોને વિમાન ઘરે તેડવા જવું, એમના ઉતારાની તથા ભોજનની વ્યવસ્થા કરવી, એમને ફેરવવા, ઉજવણીના સ્થળે લઇ જવા-લાવવા, ને તેમને વિદાય માટે ફરી એરપોર્ટ પહોંચાડવા, આ બધું અમેરિકાની 'ફાસ્ટ લાઇફ' સાથે બંધ બેસે એવું નથી. છતાં જ્યાં પ્રેમ છે, ભાવના છે, બીજાઓને સત્સંગનો લાભ પહોંચાડવાની ભાવના છે, ત્યાં બધીજ મુશ્કેલીઓ ગૌણ બની જાય છે. બીજા સમાન ભાવવાળાઓનો સાથ સહકાર પણ પ્રભુ કૃપાથી આવી મળે છે.

પ. પૂ. માનો જન્મદિન ૧૩ નવેમ્બરે આવતો હતો. આ પ્રસંગે કેનેડાથી જ ૪૨ જેટલા ભાઇબહેનો ખાસ

લોસએન્જેલસ આવ્યા. અમેરિકાના વિવિધ શહેરોમાંથી બીજા આવનાર ભાઇ બહેનો તે જુદાં. આ બધાને એરપોર્ટ ઉપર લેવા જવાનું અને બધાની ઉતારવાની વ્યવસ્થા, વગેરે કરવામાં શ્રી ધીરૂભાઇ દેશાઇ અને શ્રી મણિબેન તથા બીજા સત્સંગી ભાઇબહેનોનો સાથ મળતા શ્રી ભગવાનજીભાઇનો બોજો હળવો થઇ ગયો.

બેલ સીટી હોલમાં પૂ. માના જન્મદિનનો કાર્યક્રમ. આ સ્થળ ભગવાનજીભાઇની એલોહા મોટેલથી લગભગ ૪૦ ઉપર માઇલ દૂર. ત્યાં બધા મહેમાનોને બપોરના કાર્યક્રમ પહેલાં પહોંચાડવા એ ઘણું અઘરું કામ. છતાં પ્રભુકૃપાથી તે સફળ થયું અને પૂ. માનો જન્મદિન પ્રથમવાર વિદેશની ધરતી ઉપર ઉજવવાનું સૌભાગ્ય શ્રી ભગવાનજીભાઇને પ્રાપ્ત થયું. એવા અમીર દિલના દંપત્તિને આપણા અનેકાનેક અભિનંદન.

(નોંધઃ—આ લેખ પૂ. માએ ચારેક મહિના પહેલાં અમોને આપેલો, પરંતુ અમારી અણધારી માંદગીને લીધે, તે વહેલો રજુ ન કરી શકવા બદલ દિલગીર છીએ, પૂ. મા અને વાંચકો તે માટે ક્ષમા કરે.

—તંત્રી)



વિદેશની ધરતી ઉપર

# પૂ. માનો જન્મોત્સવ

આશા ભક્ત

દેશ કે વિદેશની ધરતી ઉપર સંતોનું વિચરણ સદા સર્વદા મંગળકારક બને છે. સાત વરસના ઘણા લાંબા સમય પછી સમર્થ સંત મહાત્માશ્રી યોગેશ્વરજીના એકમાત્ર આધ્યાત્મિક વારસદારના રૂપે પૂ. મા સર્વેશ્વરી વિદેશની ધરતી ઉપર પધારે ત્યારે અહીંના સહુ પ્રેમી ભક્તો ધન્યતા અનુભવે તે સ્વાભાવિક છે.

પૂ. મા વિદેશની ધરતી ઉપર વિચરે કે સ્વદેશે વિચરે પણ એમના પાવન પગલે તીર્થનું સર્જન થાય એવું અનુભવવા મળ્યું. એ જીવંત જંગમ તીર્થ સમાન પૂ. મા સર્વેશ્વરીના સાંન્નિધ્યે ભક્તોએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું.

ગુરુપૂર્ણિમાનું પવિત્ર પર્વ શ્રી વિનોદભાઇએ ન્યૂજર્સીમાં ઉજવ્યું, તો ૧૫ ઓગષ્ટનો પૂ. શ્રીનો પ્રાગટ્ય દિન કેનેડાની ધરતી ઉપર શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રે ઉજવ્યો અને વળી એક મંગળ પર્વ ૧૩ નવેમ્બર આવી તો તે લોસએન્જલસના યજમાન દંપત્તિ શ્રી ભગવાનજીભાઇ અને કંચનબેને એને ઉજવવાની તક ઝડપી લીધી.

આજે આપણે ૧૩ નવેમ્બર ૧૯૮૮ ના મંગળ પર્વની ઉજવણી આપણી આંખે જોઇશું. પૂ. માનો પ્રાગટ્ય દિન ૧૩ નવેમ્બર ૧૯૪૩. ગુરુભક્તિની દિવ્ય મશાલ લઇને આવનાર પૂ.

માનું પ્રાગટ્ય આપણા સૌ માટે શાંતિ પ્રદાયક, શીતલતા ધરનારું, પ્રેમભક્તિનું યશોગાન ગવડાવનારું બન્યું છે, આપણું એ સદ્‌ભાગ્ય ગણાય.

૧૩ નવેમ્બરના પાવન દિને પૂ. માને લોસએન્જલસ પધારવા શ્રી ભગવાનજીભાઈએ લાલ કંકુના શુકનવંતા છંટકાવ સાથે એક ખાસ આમંત્રણ પત્રિકા મોકલી. વળી અન્ય ભક્તો માટે ગુજરાતી અને અંગ્રેજીમાં અલગ આમંત્રણ પત્રિકા તૈયાર થઈ દેશવિદેશમાં તે મોકલવામાં આવી. સૌએ તે વધાવી લીધી.

૧૩ નવેમ્બરની પૂર્વ સંધ્યાએ તો જાણે શ્રી ભગવાનના ધામમાં સર્વ પ્રકારે આનંદ આનંદ આનંદ. ૧૮ વરસથી કેનેડામાં વસે છતાંય લોસએન્જલસમાં પ્રથમવાર ધાર્મિક મહોત્સવમાં ભાગ લેવા કેનેડાથી બેંતાલીસ ભાઈબહેનો પ્લેનની યાત્રા કરીને આવી ગયા. એક અઠવાડિયાથી ન્યુજરસીથી આઠ ભાઈબહેનો તો આવી જ ગયા હતા. વળી જાપાન જનાર પૂ. માનો હમણાં જ પરિચય પામેલા પ્રેમી ભક્ત શ્રી વિનોદભાઈ પણ કોલોરાડોથી આવી પહોંચ્યા. સાનફ્રાન્સીસ્કો, બીલોક્ષી, જ્યોર્જાથી, ડલાસથી દેશના વિવિધ ખૂણેથી પ્રેમી ભાઈબહેનોનો મંગળ મેળો શ્રી ભગવાનધામમાં ભરાવા લાગ્યો. આપણા અંગત સ્નેહીને મળતા હોય એવો પ્રેમભાવ સૌની આંખમાં જોઈ શકાતો હતો. અમે સૌ જાણે પૂ. માના જ કંઠની પુષ્પમાળાના જ પુષ્પ છીએ, એવી લાગણી સહુને થતી હતી.

ભગવાનનું આંગણું ભક્તોથી ઉભરાવા લાગ્યું. પૂર્વ સંધ્યાએ પણ પૂ. માએ સૌને સત્સંગનું સુખ આપી દર્શન આપ્યાં. અને ત્યાં તો ૧૩ નવેમ્બરનો પાવન દિન ઉગ્યો.

સૌ સમય ઉપર સવારની બેઠક માટે પૂ. માના દર્શન ને



પૂજન માટે આવી ગયા. ૧૦૮ નામની માળા, પૂ. શ્રીની સ્તુતિ ભજન–કીર્તનથી કેનેડાના ભાઈબહેનો ઉત્સવને મંગલમય કરવા આતુર હતા. સૌ પ્રસન્ન પ્રસન્ન પ્રસન્ન, જાણે લગ્નોત્સવ જેવો પરમાનંદ. ત્યાં પૂ. મા હંમેશની જેમ પૂ. શ્રીના સ્વરૂપ સાથે પધારે છે. શ્વેતવસ્ત્રો ગુરુભક્તિની દીવાદાંડી સમાં, પૂ. માના ખુલ્લાં શ્રી ચરણો. ધીરે ધીરે બેઠક તરફ પ્રયાણ કરી રહ્યાં છે, પૂ. માનું મંગલદર્શન થતાં સૌ શ્રી સુતરીયાભાઈના પ્રચલિત દોહા સાથે જયજયકારથી વાતાવરણ ગજવી દે છે. સૌ પ્રથમ શ્રી ભગવાનજીભાઈ, શ્રી કંચનબહેન પૂ. માનું પુષ્પમાળા ને તિલકથી અભિવાદન કરે છે. અને શ્રીસુરેશભાઈની સૂચના મુજબ સૌએ પૂ. શ્રી તથા પૂ. માના ૧૦૮ નામનો સમૂહપાઠ શરૂ કર્યો, સૌ વારાફરતી પૂ. માનું પૂજન કરી પુષ્પ ધરી અભિવાદન કરી રહ્યાં છે. કેનેડાના ગીતાબેન તો વળી પૂ. માને નાની છતાં સુંદર ચુંદડી ઓઢાડે છે. ત્યારે તો સાચે જ પૂ. મા કોઈ મંદિરની દેવી સમાં શોભી ઊઠે છે. આ સુકલકડી કાયામાં સામાન્ય માનવરૂપે વિચરણ કરતાં પૂ. મા જાણે પોતાનો સાચો પરિચય આપીને સૌને કહી રહ્યાં હતાં : "આ તો પ્રત્યક્ષ મા છે." સાચે જ શ્રી ગીતાબહેનની ભાવનાને ધન્યવાદ ઘટે.

આજના મંગળ પ્રસંગે સૌનું અભિવાદન સ્વીકારી પૂ. મા કશુંક કહેશે એવી જાહેરાત થતાં તો પૂ. માના સુમધુર ચહેરા ઉપર સ્મિત ફરકી ઉઠ્યું. પૂ. માનું હાસ્ય જાણે ઔષધ (અમૃત) સમું હતું, આપણા જેવા ઉપાધિગ્રસ્ત જીવો માટે. અને ત્યાં જ સૌના હૃદયને સ્પર્શી રહી પૂ. માની મધુર શ્રી વાણી—

ગુરુદેવયોગેશ્વર પ્રભુ,<br>
નમું છું પ્રભાતે પ્રેમથી,<br>
નમું છું સદાયે સ્નેહથી.

પૂ. માની આંખો બંધ છે મુખમંડળમાંથી પ્રસન્ન ને સુખકર વાણીનો પાવન પ્રવાહ વહી રહ્યો છે.......

"અમારા જીવનનો આજે પવિત્ર દિવસ છે. જે કુળમાં અમે આંખ ખોલી તે કુળને પણ આજે પ્રણામ. જે અંકે આ જીવન ઘડતર થયું તે માતાપિતાને પ્રણામ. અમારા વડિલો પણ પધાર્યા છે તેમના શ્રી ચરણે પણ પ્રણામ કરી અમે સૌ પાસે શુભેચ્છા અને આશિર્વાદ માગીશું કે અમારો જન્મદિન પણ સાચા અર્થમાં પ્રાગટ્યદિન બની ઉજવવા જેવો બની રહે."

પૃથ્વી ઉપર આ શરીર પ્રગટ્યું ત્યારપછી ઘણા વરસે તમને સૌને લાગ્યું કે આ શરીરનો જન્મદિન ઉજવવા જેવો છે. તેથી જ તો શ્રી ભગવાનજીભાઈએ પણ તે ઉજવવાનો નિર્ણય કર્યો.

તમારા સૌની શુભેચ્છા માંગી અમારે અમારી મંઝીલે પહોંચવું છે. પ્રભુને પ્રાર્થના કરું છું:–

કરો કૃપાળુ કામ, મારે બનવું છે ગુલામ,
પેલા પરમ ગુરુને ધામજી.

અમારે તો પ્રભુના ધામમાં ગુલામ બનીને પરમાનંદ પ્રાપ્ત કરવો છે. સંતોના શ્રી ચરણોમાં પ્રણામ કરીને પણ માંગીશુ અમારામાં સાચી ગુરુ ભક્તિ પ્રગટાવજો. આ સાધના પંથે આજે સરવૈયુ કાઢતાં લાગે છે કે ઘણું ઘણું મળ્યું છે, મેળવવાનું બધું જ મળી ગયું છે, છતાં એવું પણ લાગે છે કે અમૃતના ઓડકાર શા માટે ? નવરાત્રિના મૌનના દિવસોમાં પણ ઘણી અનુભૂતિઓ થઈ છે. એ અનુભૂતિ કરાવનારને આ જીવનને શ્વેતવસ્ત્ર ધરનાર શ્રી યોગેશ્વરજીને પ્રણામ કરી માંગીશુ, "પ્રભુ, અમારા જીવનના શ્વેતવસ્ત્રને વધુને વધુ ઉજ્જવળ કરજો."



અમારે એ સિવાય કશું જ જોઈતું નથી. પ્રભુ અમારે મન તો પ્રાણ પ્યારા છે પ્રાણ ધરતાં પણ પ્રભુ મળે તો અમે પ્રાણ ધરવા પણ તૈયાર છીએ. અમે તો પ્રભુને કહ્યું—

"માગ માગ પ્રભુ, માગ માગ પ્રભુ,
માગી લે મારું જીવન હવે, કોઈ દેનારું ના મળે વિચારી લે."

આજે તમે સૌએ શુભેચ્છા ધરી છે સાથે વળી અમારા વડીલો શ્રી ગંગાબહેને વસ્ત્રો પણ ધર્યાં છે તે અમારા નિયમ મુજબ અમે પાછાં પ્રસાદી તરીકે આપીશું તો તે કૃપા કરી ઊભાં થાય ને સ્વીકારે.

પૂ. માની મંગળવાણી પરિસમાપ્તિ ઉપર પહોંચે છે. પૂ. મા પોતાના નિયમ પાલનમાં ખૂબ દૃઢ છે. સૌએ પૂ. માના શ્રી ચરણોમાં ધરેલી વસ્ત્રોની પ્રસાદી ફરી મહાપ્રસાદ તરીકે પૂ. માની આજ્ઞા મુજબ પાછી સ્વીકારી લીધી.

સૌએ ફરી પ્રણામ કર્યાં. ધૂનની રમઝટ વચ્ચે, દોહાના બુલંદ અવાજ વચ્ચે પૂ. મા વિદાય લઈ ધીમે પગલે સૌના પ્રણામ સ્વીકારતાં નતમસ્તકે ઉતારા તરફ પ્રયાણ કરે છે.

સવારની બેઠકમાં ભાગ લેનારા સૌ ભાઈબહેનોએ અલ્પાહાર બાદ ૧૩ નવેમ્બરનો જાહેર કાર્યક્રમ જ્યાં થનાર હતો ત્યાં પહોંચવા માટેની દોડાદોડી શરૂ કરી. બરાબર ૨–૧૫ મિનિટે પૂ. માની ગાડી હોલ ઉપર આવી પહોંચે છે ત્યારે વિકાસ, વિનોદભાઈ વિડીયોની ચાંપ ચાલુ કરી દે છે. જયજયકાર વચ્ચે શ્રી સુતરીયાના દોહા સંભળાય છે. ભક્તસમાજના સેવાભાવી આગેવાન શ્રી છગનભાઈ ભક્ત પૂ. માને આવકારવા ગાડી પાસે

પહોંચી જાય છે. બીજી બાજુ ગાડીમાંથી પૂ. મા જે માર્ગે મંચ ઉપર પધારવાનાં છે તે મંગલ માર્ગે શ્રી મણિબહેન ભક્ત પોતાની નવી સાડીઓ પાથરી રહ્યાં છે. ત્યાં જ પૂ. મા ગાડીમાંથી પૂ. શ્રીના પાવન સ્વરૂપને લઈને ધીરે પગલે શ્રી મણિબહેનના ભક્તિભાવનો સ્વીકાર કરવા એ વસ્ત્રો ઉપર પગલાં માંડે છે. એ રીતે સૌની પ્રિય ને સદા પ્રસન્ન પ્રત્યક્ષ મા ભગવતી મંચ ઉપર આવી ગયાં. પૂ. શ્રીના સ્વરૂપને બેઠક ઉપર પધરાવી હંમેશની જેમ પૂ. શ્રીને પ્રણામ કરી પૂ. મા બેઠક ઉપર સ્થાન લે છે.

કાર્યક્રમનો હોલ વિશાળ છે. મંચ રોશનીથી ઝળહળી રહ્યો છે. મંચ ઉપર મધ્યમાં પૂ. માની બેઠક છે. જમણી તરફ પૂ. શ્રીનું મોટું સ્વરૂપ અને ડાબી બાજુ પૂ. માનું સુંદર આકર્ષક નમસ્કારની મુદ્રાવાળી તસ્વીર સ્વરૂપ શોભી રહ્યું છે, અને મધ્યમાં વિરાજમાન છે પૂ. મા સર્વેશ્વરી તેમના પ્રિય અને પૂજાપાત્ર પૂ. શ્રી યોગેશ્વરજીના સ્વરૂપ સાથે.

શ્રી મનહરભાઈ ભક્તની મહેનત અને કલાશૂઝની યશગાન ગાતી રોશની કોઈ દરબારની યાદ અપાવી જાય એમ ઝળહળી રહી છે. ત્યારે કેનેડાના પ્રેમીભક્ત શ્રી દીપકભાઈ ઘોડીવાલા પોતાનું પ્રિય ભજન ગાવા લાગી જાય છે:-

ઝગમગ ઝગમગ ઝમકે, દરબાર મેરી માતાકા,<br>
કોઈ અંબે કહે, જગદંબે કહે, કોઈ કાલી તો માત ભવાની કહે,<br>
કોઈ સર્વેશ્વરીસુખદાત્રીકહે,

હવે શ્રી સુરેશભાઈ શાહે કાર્યક્રમનો સંચાલન દોર સંભાળી લીધો, અને તેઓની સૂચના મુજબ લોસએન્જલસના ભક્ત પરિવારની નાનકડી છ-સાત વરસની બાલિકા શ્રી નિશા ભક્ત ભજન ગાવા માટે મંચ પાસે આવે છે. પૂ. માને પ્રણામ કરી તેણે



બે સુંદર ભજનો સંભળાવ્યાં.

(૧) વરદ હસ્ત પ્રભુ તમારો...

(૨) હમ તો માંગે તુજસે માલિક એક સંતોષકા દાન...

શ્રોતાવર્ગ આ ભજનોના ભાવથી મુગ્ધ બન્યો. અને તે પૂર્ણ થતાં સૌએ બાલિકાને અભિનંદન આપ્યા.

હોલના આજના મંગળ કાર્યક્રમનો પ્રારંભ યજમાન પરિવારની નાની દીકરી શ્રી છાયા ભક્ત મંગળ દીપ પ્રગટાવીને કરે છે. શ્રી ભગવાનજીભાઈ મંચ ઉપર અલગ બેઠક ઉપર બિરાજમાન એક નવી જ તસ્વીર આજના પાવન ઉત્સવની સ્મૃતિરૂપે સૌને પ્રસાદમાં આપવાની છે તે પવિત્ર તસ્વીરનું અનાવરણ કરી પુષ્પહાર અર્પણ કરે છે. તે તસ્વીરમાં શ્રીમદ્ રાજચંદ્ર, મધ્યમાં પૂ. મા ને બીજી બાજુ મહાત્મા શ્રી યોગેશ્વરજી બિરાજેલા છે. પછી પૂ. મા તથા પૂ. શ્રીના સ્વરૂપનું યજમાન દંપત્તિ પૂજન કરી પુષ્પહાર અર્પણ કરી અભિવાદન કરે છે.

પ્રારંભમાં ભક્તસમાજના એક પ્રતિષ્ઠિત વડીલ શ્રી ગોવિંદભાઈ ભક્ત સૌ વિદેશી ભક્તોને આવકારતો નાનો વાર્તાલાપ આપે છે. તેઓ પૂ. માનું અભિવાદન કરતાં પોતે લખેલી જ એક રચના સૌને ગવડાવે છે. સૌ આનંદ પૂર્વક તે ઝીલે છે:-

"જગદંબા છે મા શ્રી સર્વેશ્વરી,<br>
યોગમાયા છે મા શ્રી સર્વેશ્વરી,<br>
એની કાયા કપુરાની ધૂળે ભરી,<br>
માતાપિતાના સંસ્કારે એને તો ઘડી,<br>
એ તો યોગેશ્વર પ્રભુને અતિ પ્યારી પ્યારી."

પૂ. માના ઉપવાસો એક યજ્ઞ અને કઠિન યાત્રા સમા છે, કોઈ

વિરલ જ તે કરી શકે.

શ્રી મણિબહેન ભક્ત પૂ. મા ને પૂ. શ્રીનું પૂજન અભિવાદન કરે છે. ત્યારબાદ સૌ વિદેશથી આવેલા ભક્તોનું સ્વાગત થાય છે. ભગવાનજીભાઇની દીકરી શ્રી બિંદુ ભક્ત સૌને કુમકુમ તિલક કરે છે. ભક્તસમાજના વડીલ ને કપુરાના એક પ્રેમી વયોવૃદ્ધ ભાઇ શ્રી ડાહ્યાભાઇ હરિભાઇ ભક્ત સૌને એક એક નાની ફૂલની કલગી આપી આશિર્વાદ આપી રહ્યા છે. તેમની પાસે જ શ્રી ભગવાનજીભાઇ ઉભા છે ને પૂ. શ્રી, પૂ. મા તથા પૂ. શ્રીમદ્ કૃપાળુ દેવની ભેગી તસ્વીર સૌને પ્રસાદીમાં આપી રહ્યાં છે. તે દરમ્યાન ધૂન ને દોહાથી વાતાવરણ ગૂંજી ઊઠે છે. સૌ પ્રથમ સ્વાગત પૂ. માના પૂર્વાશ્રમના ભાઇ શ્રી વામનભાઇ ને તેમના ધર્મપત્ની શ્રી ગંગાબહેનનું થાય છે.

વિદેશી ભક્તોના સ્વાગત બાદ શ્રી ડાહ્યાભાઇએ ખૂબ ટૂંકો વાર્તાલાપ આપતા ગાયું:–

'ભરતખંડ ભૂતળમાં જન્મી,
જેણે ગોવિંદના ગુણ ગાયા રે,
ધન ધન રે એના માતાપિતાને,
સફળ કરી એણે કાયા રે.

પૂ. માએ પોતાનાં જીવનને સફળ બનાવ્યું છે. નરસિંહ મહેતાએગાયું–

વણલોભી ને કપટ રહિત છે, કામક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યા રે.

અંતે એટલી પ્રાર્થના પ્રભુ પૂ. માની તંદુરસ્તી સાચવે ને એમને મળેલી સિદ્ધિઓ વિદેશમાં પણ વહેંચે. એમની સાધના



સફળ થાઓ એટલું જ માંગુ છું. પૂ. માને પ્રણામ કરી તેઓ પોતાની બેઠક લે છે. પૂ. મા પણ ભાવવિભોર બની શ્રી ડાહ્યાભાઇને હાથ જોડીને વંદન કરી રહે છે.

આજના મંગલ પ્રસંગે ભારતથી સંદેશાઓ આવ્યા છે તેનું વાંચન થાય છે, જેમાં કપુરાના પૂ. માના પરિવારના વડિલ શ્રી દિવાળી બાનો શુભેચ્છા સંદેશો સૌ પ્રથમ વંચાય છે. અન્ય સંદેશાઓમાં શ્રી ઈશ્વરભાઇ ભક્ત, શ્રી અતુલ તથા રાજુ ભાવસાર, સુરતથી શ્રી અતિસુખભાઇ, શ્રી સુમનભાઇ શાહ, મોરબીથી શ્રી હરિભાઇ ભોજાણી, ભાવનગરથી શ્રી નારાયણભાઇ જાની, શ્રી ભાઇલાલભાઇ છાટબાર, રંજનબેન, અમદાવાદથી શ્રી મહેતા સાહેબ, પાલનપૂરથી વિજયભાઇ, વડોદરાથી પૂર્ણિમાબેન, મસૂરીથી શ્રી રતનલાલજીના સંદેશાઓનો સમાવેશ થાય છે.

સંદેશા વાચનનો કાર્યક્રમ લાંબો છતાં પૂ. માના પ્રભુમય જીવન ઉપર પૂર્ણ પ્રકાશ પાથરનારો હતો. એથી શ્રોતાઓને સમજાયું પૂ. મા કોણ છે. પૂ. માની ઉપર સૌની કેવી ભક્તિ છે તે પણ જોવા મળ્યું.

ભક્ત સમાજના રત્નસમા શ્રી છગનભાઇ ભક્ત પૂ. મા ઉપર વાર્તાલાપ આપતાં પૂ. શ્રી યોગેશ્વરજીએ ૧૯૮૧ માં એમના ઉપર લખેલા જૂના છતાં મહત્ત્વના પત્રનું વાંચન કરી બતાવે છે જેમાં પૂ. માના ભગવતી સ્વરૂપનું વર્ણન સૌને સાંભળવા મળ્યું. અંતે શ્રી છગનભાઇ પૂ. માને સન્માન પત્ર અર્પણ કરે છે.

એ સમયે પૂ. મા બેઠક ઉપરથી ઊભાં થઇને તેનો સ્વીકારે છે. સન્માન પત્ર પૂ. શ્રી પાસે મૂકીને પૂ. મા તરત જ શ્રી

છગનભાઈના નમસ્કાર ઝીલી પોતે જ છેક નીચાં નમી મંચ ઉપરથી તેઓને પ્રણામ કરે છે.

પરસ્પર પૂર્ણ નમ્રતાનું દર્શન આમાં સૌને થાય છે. શ્રી છગનભાઈ પૂ. માને સંત તરીકે નમસ્કાર કરે છે. તો પૂ. મા છગનભાઈને એક વડિલ તરીકે આશિર્વાદ લેવા પ્રણામ કરે છે. એ દૃશ્ય સૌને પ્રેરણા પ્રદાન કરનારું ઠરે છે. સૌ આથી અભિભૂત થઈ પૂ. માની સરળતા અને નમ્રતાને નિરખી રહે છે. ત્યાં જ શ્રી રાજુભાઈ શાહે "રામ બની આવ, કૃષ્ણ બની આવ, આજ મારું આંગણું પાવન કરી જાવ." ભજન ગવડાવ્યું. સૌએ ભાવભક્તિથી ઝીલી વાતાવરણ દિવ્ય બનાવી દીધું.

શ્રી આશાભક્તે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે પૂ. માના ઉપવાસની આ યાત્રા જ્યારે પ્રારંભ પામી ત્યારે પણ અમે તેઓને જોયા છે. મૌન મંદિરની સાધના, શાળા જીવનની પૂર્ણ પ્રામાણિકતા, કડક શિસ્તપાલનના સદ્ગુણો પણ અમે ખૂબ નજીકથી જોયાં છે. પૂ. માની સાથે રહેવાનું સદ્ભાગ્ય પણ મને સાંપડ્યું છે. તે મા પાસે આજે આપણે સૌ પ્રણામ કરી આશિર્વાદ માગીએ. પૂ. મા તમારાં દૈવીશક્તિ સ્વરૂપના દર્શન અમને પણ કરાવો.

શત શત વંદન માડી તમોને,
ઉરથી કરીએ સદાયે તમોને.

ઉપરની પંક્તિ સાથે વાર્તાલાપ પૂર્ણ થાય છે.

ત્યાં તો કેનેડાના જીવન પરિવર્તન પામેલા ભક્ત શ્રી નંદુભાઈ એક સરસ ભજન સંભળાવે છે—

હે શારદે મા ! હે શારદે મા !
અજ્ઞાનતા સે હમેં તાર દે.



હવે આવી રહ્યા છે શ્રી ગુલાબબેન ભક્ત જેઓ પૂ. માના પૂર્વાશ્રમના નજીકના વડિલ સંબંધી છે. તેઓ પોતાનો ભાવ વ્યક્ત કરતાં કહે છે, "પૂ. માનું જીવન આપણા સૌના જીવન કરતાં ઘણું ઊંચું છે. આપણી સમજ બહારનું છે, એઓ ખૂબ ઉચ્ચ સ્થાને આજે બિરાજમાન છે. અમે ઉંમરમાં મોટા છીએ છતાં એમની પાસે જઈએ ત્યારે એમના નાના બાળક હોઈએ એવો ભાવ જાગે છે. મા તો એક સંત તપસ્વિની છે. એમનું તપ તો માત્ર જગકલ્યાણાર્થે જ છે. પૂ. મા પૃથ્વી ઉપર આપણને કલ્યાણપંથે દોરવા પ્રગટ્યાં છે.

શ્રી સુતરીયાભાઈ પોતાના બુલંદ અવાજે પૂ. માનું અભિવાદન કરતાં કેટલાક દોહા રજૂ કરે છે. વિદેશની ધરતી ઉપર ઘડીભર જાણે કોઈ સૌરાષ્ટ્રના ગામડામાં મોડી રાત્રે ફળિયામાં બેઠા હોઈએ એવો જીવંત અનુભવ શ્રોતાઓને અનુભવાય છે.

શ્રી જયંતીભાઈ પટેલ જેઓ પૂ. માના સત્સંગે જીવન પરિવર્તન પામેલા ભક્ત છે. તેઓએ પોતાનાં વ્યસનો શી રીતે છૂટ્યાં તેની વાત કરી. અંતમાં કહ્યું : "યુગે યુગે સંતો પૃથ્વી ઉપર પધારે છે, પણ આપણે તેમને ઓળખી શકતા નથી." પરંતુ હે મા ! આપને જોયા ને જાણ્યા પછી હવે અમારે "અમે આપને ઓળખી ના શક્યા" એવું કહેવું નથી. એટલે હે મા ! એવી કૃપા કરજો કે અમે આપને સારી રીતે ઓળખી શકીએ. શ્રી હંસાબેન ભક્તે સૌને જીવનની અશુદ્ધિ દૂર કરી પ્રભુની કૃપા પામવાની વાતો કરી.

હવે આખા કાર્યક્રમનું જેમણે કુશળતા પૂર્વક સંચાલન કર્યું તે કેનેડાના ટોરન્ટો ધ્યાન કેન્દ્રના સંચાલક શ્રી સુરેશભાઈ શાહે

પોતાના ટૂંકા વાર્તાલાપમાં જણાવ્યું : "પૂ. શ્રી યોગેશ્વરજી એક મહાન સંત હતા. એનો ખ્યાલ પૂ. માને જોયા જાણ્યા પછી સૌને આવશે. પૂ. માને ટકાવનારી શક્તિ શ્રી યોગેશ્વરજી પોતે જ છે. યોગેશ્વરજીએ ભલે પાર્થિવ તનુનો ત્યાગ કર્યો હોય, પરંતુ પૂ. મા સર્વેશ્વરી દ્વારા જીવંત બની કાર્ય કરી રહ્યા છે, એનો આપણે સહુ અનુભવ કરીએ છીએ. કેનેડાનું તામ્ર સન્માન પત્ર તૈયાર થઇ જવાથી તે પૂ. માને શ્રી સુરેશભાઇ શાહ અર્પણ કરે છે. ભક્તો તેને હર્ષોલ્લાસથી વધાવી લે છે.

હવે જેમને સાંભળવા શ્રોતાવર્ગ આતુર છે તે પૂ. માને પોતાનો વાર્તાલાપ આપવા શ્રી સુરેશભાઇ વિનંતી કરે છે. પોતાના વક્તવ્યનો પ્રારંભ કરતાં પહેલાં પૂ. મા મંચની નીચે પ્રથમ હરોળમાં બેઠેલા પોતાના પરિવારના મોટાભાઇ શ્રી વામનભાઇ અને તેમના ધર્મપત્ની શ્રી ગંગાબહેનને તથા કપુરા ગામના વૃદ્ધ પુરુષ શ્રી ડાહ્યાભાઇને પ્રણામ કરવા નીચે ઉતરે છે. પ્રણામ કરી ફરી પાછાં મંચ ઉપર બેઠક લે છે.

પૂ. માની નમ્રતાની, વડિલો પ્રત્યેના આદરભાવની, ઘણી વાતો અત્યાર સુધી સાંભળેલી, પરંતુ આજે તે જીવનમાં પ્રત્યક્ષ જોવા મળી. જેમનું જીવન જગતને માટે આશિર્વાદરૂપ છે, તે સ્વયં આશિર્વાદ લેવા નીચે ઉતરે, જાણે નાના બાળકને પ્રભુપંથે દોરવા કોઇક વડિલ વાંકા વળી જીવની આંગળી પકડે તેમ.

પૂ. માએ કહ્યું, "પૂ. શ્રી યોગેશ્વરજીનાં પરિચયથી અમને નવજીવન મળ્યું તે પહેલાં તો શ્રી ગોવિંદભાઇએ ગાયું તેમ આ કાયા કપુરાની ધૂળે ભરેલી હતી. તેને સ્વચ્છ કરવાનું કામ સદ્‌ગુરુજીએ ઉપાડી લીધું. એમ કહી 'ફૂલડું ધૂળે ભર્યું, અંતે ફૂલડું ધન્ય બન્યું' એ પદ સૌને સંભળાવતા કપુરાની ધન્ય ધરતીને જ્ઞાની



અજ્ઞાની પ્રેમી કે ભક્તો પવિત્ર માને છે તે વાત કરી. વળી અમે તો પૂ. શ્રીની સાથે જ રહેવા આવ્યાં ત્યારપછી જ નવું જીવન પામ્યાં. હજી તો નવ વરસના નાના બાળક જેટલી જીવનની જે ક્ષણો પ્રભુ પરાયણ વીતી તેટલું જ સાચું માનવ જીવન, બાકી બધું પશુ જીવન. એમ કહી નવરાત્રિના મૌન દરમ્યાન થયેલા દિવ્ય અનુભવ, શ્રીમદ્ રાજચંદ્રજીના દર્શનનો અનુભવ સૌને જણાવતાં કહ્યું કે અમારું એ સદ્‌ભાગ્ય છે કે અમારા પરિવારના સૌ સભ્યો અમારા પ્રત્યે પૂજ્ય અને પ્રેમભાવ રાખી સમજવા પ્રયત્ન કરે છે.

ગુરુકૃપાથી સાધનાપંથે ઘણું ભાથું બંધાયું છે, હજી પણ
વધુ બંધાય તે માટે સૌના આશિર્વાદ માગીએ છીએ.

આવું તપોમય જીવન બાર વરસ સુધી તપવાની અમારી તૈયારી છે. એમાં આપ સૌની શુભેચ્છા માગીએ છીએ," એમ કહી નવરાત્રિમાં લખાયેલી એક પ્રાર્થના ગવડાવી–

"હવે તારે ભરોસે, મારી જીવન નાવ,
તરી જાશે આજ, ભવસાગર પાર."

પૂ. માના વાર્તાલાપ પછી આભારવિધિ શ્રી મનુભાઇએ કરી. કાર્યક્રમને અંતે સૌના પ્રણામ સ્વીકારી પૂ. મા વિદાય લે છે. પધારેલા સૌ મહેમાનો એજ સ્થળે મિષ્ટાન્ન ભોજનનો મહાપ્રસાદ લે છે.

વિદેશની ધરતી ઉપર નાના કે મોટા બધા જ ભોજન સમારંભોનું પૂર્ણ આયોજન બેનો જ કરતી હોય છે. અહીં પણ શ્રી મણિબેને અને શ્રી રેવાબેને ભક્તિભાવ પૂર્વક સેવા આપી આજનો મહાપ્રસાદ તૈયાર કરાવ્યો છે.

વિદેશની ધરતી ઉપર આ ભક્તિભાવપૂર્વક ઉજવાયેલા સુંદર

કાર્યક્રમનો સમગ્ર યશ શ્રી પ્રેમી સેવાભાવી યજમાન શ્રી ભગવાનજીભાઈ ભક્ત તથા શ્રી કંચનબેન ભક્તને ફાળે જાય છે. બીજા સહકાર આપનારા મળી રહે, પણ પ્રારંભ કરનાર તો કોઈક જોઈએ ને ? અહીં તો પડદા પાછળ રહી તેઓએ આ કાર્યક્રમનું આયોજન કર્યું, એમાં તેમની પૂ. મા માટેની અપૂર્વ ભક્તિની પ્રતીતિ થાય છે.

વિદેશમાં વસતા સાધક ભાઈબહેનો માટે આ એક અનોખો ને વિરલ ધર્મલાભનો પ્રસંગ બની ગયો. એમના જીવનનું સંભારણું બની ગયો. એમાં પૂ. ગુરુદેવ અને પૂ. માની અસીમ કૃપા જ કારણભૂત બની. શ્રી મા–પ્રભુનો જય હો, જય હો, જય હો.

જીભના દરવાજાને બંધ કરવાના મૌન કરતાં મનના દરવાજા બંધ કરવાનું મૌન ચઢિયાતું છે.

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૭૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨



રેલગાડીમાં ભગવાન

# રામકૃષ્ણ પરમહંસનું દર્શન

વિજય પુરોહિત (બાપજી)

૧૯૭૫ ની સાલના લગભગ માર્ચ મહિનામાં મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં સવારના પ્રવચન પછી પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ કહ્યું કે તમને સૌને ધ્યાન સાધના શિબિરમાં આવવાનું આમંત્રણ છે. આનંદ આવશે, ગમશે અને જીવનમાં કાંઈક નવું જાણવાનું, શીખવાનું મળશે. અમે પણ પાસે જ ઊભા હતા. શબ્દો સાંભળી આનંદીત થયા. પૂ. શ્રીએ શ્રી વિશ્વનાથભાઈ જાની પાસેથી શિબિરની માહિતી મેળવી લેવા સૂચન કર્યું.

શિબિરના દિવસો નજીક આવતા ગયા. અમે પત્ર દ્વારા શ્રી વિશ્વનાથભાઈ જાની પાસેથી શિબિરની પત્રિકા મંગાવી અને વાંચી ને સામાનની તૈયારી કરવા લાગ્યા. એ પત્રિકામાં જણાવ્યા પ્રમાણે તો તૈયારી કરવી જ પડે. એ માટે જે હીરાના કારખાનામાં કામ કરતા હતા તે શેઠ પાસે સો રૂપિયાની માંગણી કરી કે મારે શિબિરમાં જવું છે તો પૈસા આપો. એમણે કહ્યું, "અત્યારે તો નથી સાંજે બનશે તો આપીશ," સાંજે કહ્યું, "તમે જાણો જ છો, અત્યારે ધંધામાં મોટું નુકશાન કર્યું છે. (દિવાળુ કાઢ્યું છે.) તેથી હમણાં પૈસા બનશે નહિ." અમને દુઃખ થયું કારણકે શિબિરમાં જવાનો ખૂબ ઉત્સાહ અને ઉમંગ હતો.

હવે શિબિરને માત્ર બેજ દિવસની વાર હતી તેથી કોઈક મિત્ર પાસેથી પૈસા લેવાનું નક્કી કર્યું. એજ સમયે (પિથાપુર

ગામથી) કાગળ આવ્યો. "તરત જ ઘેરે આવો, કૂવા પરનું મશીન બળી ગયું છે, ખેતી સૂકાય છે." અમે વધારે મુશ્કેલીમાં મૂકાયા.

વિચારમાં પડી ગયા કે શું કરવું ? છેવટે ઘણા વિચારોને અંતે શિબિરમાં જવાનું નક્કી કર્યું, કારણકે જીવનમાં આવા અવસરો વારંવાર આવતા નથી. અવસર આવે તો પણ સ્વાસ્થ્યની અનુકૂળતા ન હોય તો શું કરવાના ? આજે તન, મન અનુકૂળ છે, માત્ર પૈસાનો સવાલ છે, અને એતો મળી રહેશે, એમ વિચારી ગામડે પિતાજી તથા મોટાભાઇને પત્ર લખી શિબિરમાં જવાના આશિર્વાદ માંગ્યા.

બીજે દિવસે બપોરના સમય પછી કામ પર બેઠા નહિ, કારણકે જે પૈસા હતા તેની જરૂરી ખરીદી કરવાનું, ગાડીનો સમય જોવાનું અને મિત્ર પાસે પૈસા લેવા જવાનું હતું.

મુંબઇ સેન્ટ્રલના રેલ્વે સ્ટેશન પર જઇ ગાડીઓના સમય નોંધી મિત્રને ત્યાં ગયા. પૈસા માટે જ ગયા હતા. ત્યાં એક કલાક જેટલું બેઠા પણ પૈસા માગવાની ઇચ્છા જ ન થઇ. ગામથી આવેલા સમાચાર આપી પૈસા વિના પાછા ફર્યા. અમારી પાસે જે ત્રીસ રૂ. હતા તેનું પત્રિકામાં જણાવ્યા પ્રમાણે આસન, બેટરી અને ત્રાંબાનો એક લોટો ખરીદ્યો, કારણકે શિબિરમાં ન જવાય તો પણ આ સામાન જીવનમાં ઉપયોગી હતો જ. ખરીદી કરતાં વિચાર આવ્યો કે લોકો પાસે શા માટે માગવા, ચાલને જે ભગવાનની સામે રોજ કીર્તન કરીએ છીએ તેને જ કહીએ. ભગવાન ભક્તની સર્વ પ્રકારે મદદ કરે છે. એમ શાસ્ત્રો અને અનુભવી મહાપુરુષો કહે છે. તો આપણે પણ આ મુશ્કેલી પ્રભુને જ કહીએ. એમ વિચારી સી. પી. ટેન્કના વિસ્તારમાં આવેલા રાધાકૃષ્ણના મંદિરમાં પહોંચી ગયા. (ત્યાં નિયમિત ચાલતા



રાત્રિના કીર્તનમાં લગભગ બે વર્ષથી કાયમ અમે પણ જતા. કીર્તન લગભગ બે કલાક થતું.)

મંદિરમાં જઇ રાધાકૃષ્ણની એ સુંદર પ્રતિમાને ચઢાવવા માટેના ફૂલ પૂજારીને આપ્યાં. પછી વંદન કરી અડધો કલાક પ્રાર્થના કરી. તેનો ભાવ કાંઇક એવો હતો. "પ્રભુ તમે શરણાગતની સર્વ પ્રકારે રક્ષા કરો છો. તેની સર્વ મનોકામના પૂર્ણ કરો છો તો આજે આ પૈસાની ઇચ્છાને પૂર્ણ કરો. હું શિબિરમાં જવા ઇચ્છું છું અને મારી પાસે પૈસા નથી. પેલા શેઠ પાસે માંગ્યા પણ તેમણે ના કહી. બીજા કોઇની પાસે માંગવાની ઇચ્છા થતી નથી તેથી તમારી પાસે આવ્યો છું, તો આજે અમારી આ નાનકડી જરૂરિયાત તમને ઠીક લાગે તેમ પૂર્ણ કરો." અડધા કલાક સુધી જે સૂઝ્યું તે પ્રભુને સંભળાવ્યું.

કારખાને આવતાં રસ્તામાં ઉદાસી, નિરાશા આવી ગઇ, થયું કે શું ખરેખર શિબિરમાં નહિ જવાય ? શું આ ભાગ્યમાં એ પુનિત સત્સંગ સમારોહનો લાભ લેવાનું નથી ? આવા વિચારોમાં કારખાને આવ્યો. આવીને સૂટકેશમાં આસન વિગેરે ગોઠવ્યાં. ત્યાં તો મેનેજરે કહ્યું, "વિજયભાઇ અહીં આવો" અમે તેમની પાસે ગયા, કહ્યું, "બોલો શું કામ છે ? તમે શેઠ પાસે પૈસા માંગ્યા હતા ?" અમે કહ્યું, "હા" તેમણે કહ્યું, "તો લો આ બસો રૂપિયા તમારે માટે આપ્યા છે." અમે કહ્યું, "ખરેખર ?" તેમણે કહ્યું, "હા, તમારા માટે ખાસ આપ્યા છે થોડીક મિનિટો પહેલાં જ આપી ગયા છે" અમારા આનંદનો તો પાર ના રહ્યો. કારખાનામાં નાચ્યો. સૌને નવાઇ લાગી ને કહેવા લાગ્યા, "મગજ ખસી જશે" અમે કહ્યું, "હવે ઠેકાણે આવ્યું છે."

આ પ્રસંગથી ઈશ્વરની મહાન કૃપાશક્તિનો મને પ્રત્યક્ષ

અનુભવ થયો. જે વ્યક્તિએ દેવાળુ કાઢ્યું હોય, લેણદારોની લાઇન હોય અને પૈસા નહિ બને એવું સ્પષ્ટ કહ્યા પછી એ માણસ સોના બદલે બસો રૂપિયા આપે, એ શું પ્રભુની કૃપા ના કહેવાય તો બીજુ શું કહેવાય ?

પૈસા આવતા આનંદનો એવો ઉછાળો આવ્યો કે તેજ સમયે બેગ લઇને નડિયાદ માટે રવાના થઇ ગયો. ટિકિટ લઇ પ્લેટફોર્મ પર આવ્યા તો નડિયાદ થઇને જતી ગાડી જ ઊભી હતી તેથી અવનવા ભાવો સાથે ડબામાં બેસી ગયો. સૂવાની જગ્યા ખાલી હતી સૂટકેશમાંથી ચાદર કાઢીને બિછાવી. ઈશ્વરની કૃપાને યાદ કરતા બેસી ગયા.

સૂવાનો સમય થયો. સૂતા પણ ઊંઘ આવી નહિ. મન શિબિરના વિચારે ચઢ્યું હતું. આ શિબિરમાં કોઇનો વ્યક્તિગત પરિચય નથી. કોઇ સંબંધી કે મિત્રનો સાથ નથી. વળી શિબિરમાં પણ પ્રથમવાર જઇએ છીએ અને આ પત્રિકા પ્રમાણે આસનો, પ્રાણાયામ વિગેરે કરવાના છે જેના વિષે આપણે કાંઇ જ જાણતા નથી. કેમ કરીને ફાવશે ? આપણી ભૂલો થશે અને લોકો હસશે અને એ હાસ્યાસ્પદ સ્થિતિ નહિ સહેવાય તો શું થશે ? આવા વિચારોએ બધા જ આનંદને અદૃશ્ય કરી દીધો, કારણકે આ પહેલાં કોઇ પણ પ્રકારની શિબિર ભરી ન હતી.

સ્વમાની મનને થયું કે આપણે ખોટી ઉતાવળ કરી. આ બધી જાણકારી મેળવી અને કોઇનો પરિચય કેળવ્યા પછી જ જવું જોઇતું હતું. પણ હવે શું થાય ? હાસ્યાસ્પદ ના બનાય, લોકોમાં સ્વમાન જળવાય રહે એ માટે પ્રભુને પ્રાર્થના કરવા સિવાય અત્યારે બીજો કાંઇ માર્ગ ન સૂઝ્યો. એટલે પ્રાર્થના થવા લાગી.

ગાડીની ગતિ કરતાં સમય વધારે ગતિએ ચાલતો હતો.



રાત્રિના લગભગ એક વાગતાં બેઠેલા કે સૂતેલા સૌ યાત્રીઓ ઉંઘમાં સરી પડ્યા હતા. એકમાત્ર અમે જ ચિંતામગ્ન બેઠા હતા. ત્યાંજ ચિંતાનું સમાધાન કરનાર એક અલૌકિક અનુભવ થયો. અમારી સામે જ ડબામાં અચાનક એક સંતની આકૃતિ દેખાઇ. એમની મુખાકૃતિ શાંત, ધીર, ગંભીર અને ભાવપૂર્ણ હતી. તેઓ પલાંઠી વાળીને બેઠા હતા. એમનું દર્શન થતાં સર્વ કાંઇ વિસરાઇ ગયું. થોડીક ક્ષણો અમને જોતાજ રહ્યાં, પછી તેઓ કોણ છે એવા વિચારે મન ચઢ્યું કે તે દર્શન અદૃશ્ય થયું. થોડીવાર વિચારતાં થયું કે આ તો રામકૃષ્ણદેવ પરમહંસ છે ! એમનાથી ખાસ પરિચિત ન હતા. એકમાત્ર અઢાર વર્ષ પહેલાં પાઠ્યપુસ્તકમાં વાંચેલું અને સાધારણ ફોટો જોયેલો. તેથી ઓળખી શકાયા નહિ. આંતર પ્રેરણાએ જ એમનો પરિચય કરાવ્યો.

એ દર્શનથી ચિત્ત એકદમ શાંત બની ગયું. બધા જ વિચાર સંઘર્ષ ક્યાંય જતા રહ્યા અને ઉંઘ આવી ગઇ. કોઇનાય જગાડ્યા વિના સવારે લગભગ પાંચ વાગે જાગ્યા ત્યારે ગાડી અમારા ઉતરવાના સ્ટેશને એટલે કે નડિયાદના પ્લેટફોર્મ પર ઉભી હતી. ઝડપથી ઉતર્યા અને પ્રભુનો આભાર માન્યો કે સમયસર જગાડ્યો.

શિબિરમાં હાજર થતાં પહેલાં જ પરમાત્માની મહાન શક્તિ અને કરુણા દૃષ્ટિનો પરિચય થયો.

નોંધ:–અમારા જીવનમાં ખુલ્લી આંખે થનારું આ પ્રથમ દર્શન હતું. જેને અલૌકિક કે આધ્યાત્મિક કહી શકાય તેવું દર્શન. પરમાત્મા શરણાગતની દરેક મુશ્કેલીમાં સહાયભૂત બને છે, એ આ શિબિર પહેલાં પ્રભુએ બતાવી આપ્યું.

# શ્રી શ્રીમા શારદાદેવી

સ્વામી ગંભીરાનંદજી

માતાજીની ઉંમર જ્યારે અગિયાર વર્ષની હતી ત્યારે (સન ૧૮૬૪–૬૫) એ પ્રદેશમાં ભયંકર દુકાળ પડ્યો હતો. માતાજીએ પોતે આ પ્રસંગ વિષે જણાવ્યું છે કે : "એકવાર ત્યાં કારમો દુકાળ આવ્યો. કેટલાય લોકો ખાવાનું ન મળતાં અમારે ઘેર આવતાં. આગલા વર્ષનું ધાન અમારે ત્યાં કોઠારમાં રાખેલું હતું. મારા બાપુજી ડાંગર છડીને અડદની દાળ સાથે મેળવી હાંડલાં ભરી ભરીને ખીચડી રંધાવી રાખતા." એઓ કહેતા કે, 'ઘરમાં બધાં આજ ખીચડી ખાશે ને જે આવે તેને પણ ખવડાવશે. ફક્ત મારી શારદા માટે સારા ચોખાનો થોડો ભાત રંધાશે ને મારી દીકરી એ ખાશે.'

કોઈવાર એટલા બધા લોકો આવી પડતા કે ખીચડી ખૂટી જતી. ત્યારે તરત જ બીજીવાર રંધાતી. ગરમા ગરમ ખીચડી જ્યારે થાળીમાં ઢાળી દેતા ત્યારે તેને જલદી ઠંડી કરવા માટે હું બે હાથે પંખો નાંખતી. આહા ! ભૂખથી પીડાતા બધાય જમવા માટે બેઠા છે !

એક દિવસ એક વાઘરી કે ચંડાળની છોકરી આવી. તેલ ન મળવાથી તેના માથાના વાળ વેરવિખેર, આંખો ગાંડા જેવી ...દોડતી આવીને ઢોર માટે જે ભૂંસી ભીંજવેલ હતી તે જ ખાવા માંડી. બધા જ એને બોલાવે કે 'અંદર આવીને ખીચડી ખા.' પણ એને એ સાંભળવાની ધીરજ ક્યાં હતી ! થોડી ભૂંસી ખાઈ લીધા પછી એણે બીજાની વાત સાંભળી. એવો ભયંકર દુકાળ હતો. એ



વર્ષનું દુઃખ ભોગવીને લોકો કોઠારોમાં ધાન્ય સંઘરતાં શીખ્યા.

માતાજીની સરળ અને ઘરગથ્થુ ભાષામાં જે સુંદર ચિત્ર આપણી સામે અંકાયું છે તે પરથી જોઈ શકીએ છીએ કે ભવિષ્યમાં જેઓ પ્રત્યેક હૃદયમાં માતૃરૂપે વિરાજીત થવાનાં હતાં તેઓ બાળપણમાં બે હાથે પંખો નાંખી ભૂખ્યાંને ખવડાવવામાં કેટલાં તત્પર હતાં ! વળી એ કોમળ હૃદયની બાલિકાના લાલનપાલન માટે એ સાધારણ સ્થિતિના બ્રાહ્મણના સ્નેહાળ હૃદયમાં કેટલી બધી વ્યાકુળતા હતી !

માતાજીની આ બાળલીલા મોટેભાગે ગામડાઓની બીજી છોકરીઓની સરખી જ હતી, પરંતુ આની વચ્ચે પણ કોઈ કોઈવાર એકાએક જાણે કે દૈવી જ્યોતિ ચમકીને આંખ આંજી દે ! આ નાનકડી બાળાના જીવનમાં પ્રકાશ ને છાયાની આ રમત કદાચ એમના ભાઈઓ કે માબાપની નજરની બહાર નહિ રહી હોય. જોકે તેઓ મનુષ્યની લાગણીઓથી દોરવાઈ તેમને ફક્ત એક સ્નેહમયી બહેન કે દીકરી તરીકે જ ગણવા માગતા હતા. એમના માતુશ્રીએ આ રહસ્ય મોટી ઉંમરે એકવાર માતાજીને કહ્યું હતું : "દીકરી તું, ખરેખર મારી કોણ છે ? હું શું તને ઓળખી શકું છું ?" ત્યારે કૃત્રિમ રોષ દેખાડીને પુત્રી બોલી, "હું વળી બીજી કોણ હોઈ શકું ? મને કાંઈ ચાર હાથ થોડા છે ? હોત તો પછી તારી કૂખે જન્મ લીધો શા માટે ?"

એક દિવસ માએ કહ્યું, "શારદા, મા, આવતે જનમ મને તારી જેવી દીકરી હોય અને પતિ શ્રીમંત હોય. નહિ તો છોકરાછૈયા લઈને બહુ હેરાનગતિ ?" કૃત્રિમ રોષ દેખાડી દીકરી ત્યારે બોલ્યાં હતાં, "વળી પાછી મને શું કામ ખેંચો છો ? ફરી પાછા આવીને મારે તમારા છોકરાં ઉછેરવાં પડશે !" સ્નેહાળ અને

કામઢી સુશીલ દીકરીનું શાંત જીવન યાદ કરીને શ્યામાસુંદરી ખૂબ જ ભાવથી બોલ્યા : "હું તને જ પાછી મેળવું, મા."

કાલીમામા એકવાર આ વાતનું જ સમર્થન કરતાં બોલ્યા, "મોટી બહેન સાક્ષાત લક્ષ્મી છે. અમને જીવતા રાખવા માટે મોટી બહેને શું નથી કર્યું ? ડાંગર છડવી, જનોઇનું સૂતર કાંતવું, ઢોરને ઘાસ નીરવું; રસોઇ કરવી, ટૂંકમાં ઘરનું ઘણુંખરું કામ મોટી બહેન એકલે હાથે કરતાં હતાં."

(અત્રે એ વાતનો નિર્દેષ કરવો યોગ્ય ગણાશે કે મા શારદા દેવી એમના માતપિતાના પ્રથમ સંતાન હતાં. તેમના પછી એક બહેન અને પાંચ ભાઇઓનો જન્મ થયો હતો. ઉપર જણાવેલ અવતરણો વાંચવાથી માએ મોટી બહેન તરીકે નાના ભાઇબહેન પ્રત્યે વ્યક્ત કરેલ મમતા તથા વાત્સલ્યનું સ્પષ્ટ દર્શન થાય છે.

એટલી નાની ઉંમરે પણ તેઓ તેમના માતાને ઘરકામમાં એટલી બધી સહાય કરતાં કે તેમના માતા શ્યામાસુંદરી એવું ઇચ્છતાં કે બીજા જન્મે પણ દીકરી મળે તો 'મા' જ મળે.

આમાં ગરીબ માણસો પ્રત્યે પૂ. માની અનુકંપાનું પણ ખૂબ જ સ્પષ્ટ દર્શન થાય છે.)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.



# સંકીર્ણતા

સ્વ. પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઇ (કુમાર)

કેટલાક રોગો અને દોષો એવા હોય છે કે જે અન્ય રોગો અને દોષોના જનક અને પોષક બની રહે છે, જઠરનો આમદોષ આવો જ વ્યાધિ છે. એવી જ રીતે માનવીના વ્યક્તિત્વના વિકાસમાં અવરોધક થતો દોષ સંકીર્ણતા છે.

સંકીર્ણતાનો સાદોસીધો અર્થ સંકુચિતતા છે. અને એનો સીધો સંબંધ મન સાથે છે. તે સદ્ગુણોનું સંવરણ કરે છે એટલું જ નહિ પણ તેમાં દોષારોપણ કરવા પણ પ્રવૃત્ત થાય છે.

વડોદરાની મ્યુઝિક કોલેજના પ્રથમ આચાર્ય સંગીતમાર્તણ્ડ શ્રી મૌલાબક્ષનું ભક્તહૃદય શ્રેય સાધક અધિકારી વર્ગના આદ્ય સ્થાપક અને આચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં ચરણોમાં અનુરક્ત હતું. તેમણે આચાર્યશ્રીના ઘણા પદોનું સ્વરાંકન (નોટેશન) પણ કર્યું હતું. આ ધર્મપ્રેમી કુરાનરત મુસલમાનના અંતરની ઘણી ગુંચો આચાર્યશ્રી સાથેના સમાગમમાં ઉકલી ગઇ હતી. તેઓ વર્ગના ઉત્સવોમાં પણ ભક્તિભાવ પૂર્વક ભાગ લેતા. એક સાંજે સંકોચાતા દિલે મૌલાબક્ષે પોતે માનેલા પોતાના 'અલ્લાહના રસુલ' સમક્ષ પોતાની પાક હૃદયની ઉર્મીને વાંચા આપી :

"આપની મારા પર મોટી રહેમ છે. આપની દુવાથી મને મારા આત્મકલ્યાણનો માર્ગ મળી ગયો છે. આપશ્રી મારી અલ્પ ભેટ સ્વીકારશો તો..."

"તમારી સઘળી ભેટ સ્વીકારીશ, મીયાં. દિલ પાક જોઇએ."

"તો આપ આ સીજની (અંગરખું–ઝભ્ભો) પહેરો છો તેવી આ દાસ બનાવી લાવે તે આપના અંગ ઉપર ધારણ કરવાની મારી મનની મુરાદ પૂર્ણ કરી મને કૃતાર્થ કરશો."

"બસ, એ જ ને ! હવેથી હું દરેક ઉત્સવે તમારી પ્રેમ–કફનીને જ પહેરીશ. પછી છે કાંઇ !"

મૌલાબક્ષના આનંદનો પાર ન રહ્યો, પણ આજુબાજુ બેઠેલા કેટલાક વૃદ્ધ સદ્‌ગૃહસ્થો અને પાઘડીધારી પંડિતો તથા સાધકોના પેટમાં જાણે તેલ રેડાયું. તેઓ ઉચ્ચકોટિના વિદ્વાન પણ ચુસ્ત સનાતની હતા. કોઇ પરધર્મી–મુસ્લિમના હાથની બનાવેલી માળા તો બાપજી પહેરતા હતા, ત્યાં સુધી તેમને કાંઇ વાંધો ન હતો, પરંતુ હવે તો ગુરુએ એની બનાવેલી સીજની પરિધાન કરવાનું તેને વચન આપ્યું. તેમના અંતઃકરણોમાં સંક્ષોભ જાગ્યો. ઊંડે ઊંડે તેઓનું મન ગુપચુપ રીતે પોકારવા લાગ્યું, 'શાન્તમ્ પાપમ્, શાન્તમ્ પાપમ્ ।'

....અને થોડા જ સમયમાં આષાઢીપૂર્ણિમાનો ઉત્સવ આવ્યો. મૌલાબક્ષની સીજની પહેરીને વ્યાસપીઠ પર બેઠેલા સદ્‌ગુરુનું તમામ શિષ્યો–સાધકોએ વિધિપૂર્વક પૂજન કર્યું, આરતી કરી, ધન્યતા અનુભવી. તે દિવસે આચાર્યશ્રીએ પોતાના પ્રવચનમાં સંકીર્ણતા અને ભેદભાવના ત્યાગનો ઉપદેશ આપતાં જણાવ્યું કે : "સઘળા સાંપ્રદાયિક ભેદો સંકુચિત મનના નિર્માણો છે. સર્વના હૃદયમાં રહેલ રામ–રહિમ તે એક જ અનાદિ અનંત તત્ત્વ છે. પરંતુ આ સમભાવ સંપૂર્ણ રીતે સિદ્ધ થયો નથી ત્યાં સુધી પોતપોતાની ધર્મમર્યાદાઓનું સમજપૂર્વક પાલન કરવું જરૂરનું છે, એટલું જ નહિ પણ સમભાવની સિદ્ધિની સમીપ લઇ જનાર છે."



આ તો પરધર્મ કે પરધર્મી પ્રત્યેના સંકુચિત મનોવલણની વાત થઇ, પરંતુ એક જ ધર્મ–સંપ્રદાયની અંદર પણ ક્ષુલ્લક મતભેદના કારણસર અસહિષ્ણુતા જોર પકડે છે ત્યારે ધર્મ–તત્ત્વ બાજુએ રહી જાય છે અને રાગદ્વેષાદિ વિકારો તેમનું વર્ચસ્વ જમાવી દેતા હોય છે. એના તો અસંખ્ય ઉદાહરણો આપણને મળી આવે તેમ છે.

'સમૂળી ક્રાંતિ'ના પુરસ્કર્તા શ્રી કિશોરલાલ મશરૂવાળાએ સંપ્રદાય માટે 'અનુગમ શબ્દ યોજી, વિવિધ સંપ્રદાયોને વેદાનુગમ, જિનાનુગમ, બુદ્ધાનુગમ, મહમ્મદાનુગમ, ખ્રિસ્તાનુગમ... તરીકે ઓળખાવી જણાવ્યું કે દરેક ધર્મો–ચિંતકોના ઉપદેશના કેન્દ્રમાં 'માનવ ધર્મ' જ રહેલો છે. જે ધર્મોપદેશ વ્યક્તિના મન–મગજમાં સત્–અસત્ કે સારાસારનો વિવેકપ્રદીપ પ્રગટાવી શકતો નથી તે ઉપદેશ ધાન્ય વિનાના માત્ર ફોતરાં જેવો છે અને એ ઉપદેશને પ્રગટ કરનાર ગ્રંથ કે પ્રવક્તા શાસ્ત્ર કે આપ્ત પુરુષનું બિરુદ પામી શકતા નથી અને તેથી તેનું પ્રામાણ્ય મૂલ્યહીન ઠરે છે.

આજના યુગના સંદર્ભમાં ધર્મ માનવ સાથે જોડાયેલો છે. માનવતા વિનાના ધર્મની કલ્પના આજે કરી શકાય તેમ નથી. ધર્મ કરતાં માનવ વધુ મહાન છે. વેદમાં પણ આ ઉદાત્ત વિચારનો પડઘો પડેલો છે.

તો પછી પ્રશ્ન એ થાય છે કે ધર્મને નામે આટલા બધા યુદ્ધો (ક્રુસેડ્ઝ) કેમ ખેલાયા ? ધર્મને નામે જ આજે માનવ માનવ વચ્ચે દ્વેષ–વૈરની ખાઇ વધારે ને વધારે ઊંડી કેમ થતી જાય છે ?

ધર્મનું કારણ શું ? ધર્મનો અગ્રીમ ઉદ્દેશ શો ? સત્ય, પ્રેમ વગેરે મૂલ્યોના સદાચરણ દ્વારા ધર્મ તો માનવ માનવ વચ્ચે ઊભી

થયેલી સંકીર્ણતાની દિવાલને તોડવાનું અને માનવ અંતરોને જોડવાનું ઉદાત્તીકરણનું કાર્ય કરે છે. 'હું માનવી માનવ થાઉં તો ઘણું' એ ભાવનાના વિસ્તરણ દ્વારા વ્યક્તિમાંથી વિશ્વમાનવી બનવાના પુરુષાર્થને પ્રેરનાર અને પોષનાર ધર્મ તો સંજીવની છે. ધૃ' ધાતુ પરથી વ્યક્તિ–સમષ્ટિના જીવનને ધારણ કરનાર ધર્મ કોઈ સાંપ્રદાયિક મજહબ નથી પણ વિરાટને બાથમાં લેવા મથતો વિશિષ્ટ જીવનાનુગમ છે. ડો. રાધાકૃષ્ણન કહે છે તેમ **It is a way of life.**

આ સંકીર્ણતા સાધકને કોઈપણ ખૂણેથી ક્ષણવાર માટે પણ સ્પર્શી ન જાય તે માટે સતત સાવધાનતાની જરૂર છે. તત્ત્વચિંતક જે. કૃષ્ણમૂર્તિ એને 'અખંડ જાગૃતિ' **awareness** કહે છે. સહેજ ઝોકું કે ગોથું ખાધું તો સાપ–નિસરણીની રમત જેવું થાય.

આંતરિક દૃષ્ટિ અને સૂઝની સંકીર્ણતા ઘણીવાર મનુષ્યને સામી વ્યક્તિના ઉચ્ચ અધિકાર અને સંસ્કાર ગૌરવને ઓળખવા દેતી નથી. એક વખત હાથમાં ભિક્ષા પાત્ર લઈને ઉભેલા બુદ્ધનું શ્રીમંત બ્રાહ્મણે અપમાન કરીને ઠપકો આપ્યો કે "હું જેમ ખેડું છું, વાવું છું. તેમ તું પણ કરે તો કેવું સારું !" ત્યારે બુદ્ધે શાંતિથી કહ્યું કે–

"ભાઈ ! હું પણ ખેડુત છું, મનઃક્ષેત્રને ખેડુ છું. અને ભ્રમ, ભય, સંશય વગેરે નકામા છોડને દૂર કરું છું. હું શ્રદ્ધાનું બી વાવું છું, તેને મારા સત્કાર્યરૂપી વરસાદ સીંચે છે. વિવેક અને વૈરાગ્ય હળના ભાગ છે મન માર્ગદર્શક લગામ છે. સદાચાર એ હાથો છે. ધ્યાન પરોણી છે. શમ ને દમ બે બળદો છે. આ ખેતીમાં નિર્વાણના અમૃત ફળના પાક લણાય છે."

ભગવાન તથાગતની અમૃત વાણી સાંભળી ધનિક વિપ્રનું



સંકુચિતપણું અને અભિમાન નષ્ટ થયું અને તે જાગૃત થયો. તથા થોડાક સમયમાં ભગવાનનો શિષ્ય બની ગયો.

ઈસ્લામના સ્થાપક મહમ્મદ સાહેબના જીવનનો એક પ્રસંગ જોઈએ :

અરબસ્તાનમાં કૂતરાની વસ્તી વધારે હતી પણ પાણીની ખૂબ તંગી હતી. મહમ્મદ પયગંબર સાહેબ પાસે એક આરબ અનુયાયીએ ફરિયાદ કરી કે "પહેલો તમારો આશિક એક ગંદા કૂતરાને વળગીને બેઠો છે."

"તે કૂતરા સાથે શું કરતો હતો ?" મહમ્મદ સાહેબે પૂછ્યું.

"તે તો કાદવના ખાબોચિયામાંના ગંદા પાણીમાં ચિંથરું બોળતો હતો અને પોતાના ખોળામાં સૂવાડેલાં મરણશીલ કૂતરાના મોંને તે ચિંથરાના કટકા વડે ભીંજવતો હતો."

"પણ શા માટે !"

"બેશક, કૂતરાને જીવાડવા માટે."

"ત્યારે તો તે તારા કરતા પણ ઊંચી કોટિનો મુસલમાન છે, કારણકે તે પશુઓ તરફ દયાળુ બન્યો છે. એના દિલમાં તારા જેવી કૂપમંડૂકતા નથી."

ઉદાર દિલના પેગંબર સાહેબે એક વિધવા ગરીબ વૃદ્ધાને તેમના (માસાના) પત્નીને સોંપીને કહ્યું છે:–

"આ માજી પ્રત્યે લોકો કેવી સાંકડી મનોવૃત્તિ ધરાવે છે ! પણ તમે તો ઉદાર બનજો અને રોજ તેમને પહેલાં જમાડીને પછી તમે જમજો."

(કોઠારી કચેરી સામે, રાવપુરા, વડોદરા–૧)

# રાજા મયુરધ્વજ

ભરતભાઇ વિઠ્ઠલભાઇ ભક્ત

એકવાર પાંડવોએ અશ્વમેધ યજ્ઞ કરવાનું નક્કી કર્યું. એમનો અશ્વ છૂટો મૂકવામાં આવ્યો. તેની સાથે વિશાળ સેનાઓ લઇને અર્જુન નીકળ્યો. આ અશ્વ ફરતો ફરતો ત્રંબાવટી નામની નગરીમાં આવી પહોંચ્યો. આ ત્રંબાવટીમાં રાજા મયુરધ્વજ રાજ કરે છે. એમને કમળાવતી નામની રાણી તથા તામ્રધ્વજ નામનો પુત્ર છે. રાજા મયુરધ્વજ પણ અશ્વમેધ યજ્ઞ કરનારા છે. એટલે તેમના અશ્વ સાથે તામ્રધ્વજ છે. રસ્તામાં પાંડવોનો અશ્વ સામે મળે છે. તેના ગળામાં એક તામ્રપત્ર છે, તેમાં લખ્યું હતું, "આ પાંડવોનો અશ્વ છે. જે સાચો ક્ષત્રિય હોય તે આ અશ્વને બાંધી જુએ !" તામ્રધ્વજ આ વાંચીને ખૂબ ગુસ્સે થાય છે. "શું અમે ક્ષત્રિય નથી ?" એમ વિચારીને તે પાંડવોના અશ્વને બાંધી દે છે અને અર્જુન સાથે યુદ્ધે ચઢે છે, યુદ્ધમાં તામ્રધ્વજ મૂર્છા પામે છે એટલે અર્જુનને ગર્વ થાય છે. કે "મારી સાથે તો કૃષ્ણ છે. તે મારો રથ હાંકે છે. તે મારા સાથી છે તો કોની તાકાત છે કે મને હરાવે ?"

અર્જુનના મનના આવા વિચારો કૃષ્ણ જાણી ગયા. તેમને થયું કે હવે અર્જુનનો ગર્વ ઉતારવો જોઇએ. તેથી તેઓ તામ્રધ્વજની મૂર્છા દૂર કરી તેમનામાં વધારે શક્તિનો સંચાર કરે છે. તેથી અર્જુનને યુદ્ધમાં હરાવીને તેનો અશ્વ કબજે કરે છે. આથી અર્જુન ખૂબ નિરાશ થઇ જાય છે. કૃષ્ણ કહે છે, "હે અર્જુન, આ રાજા ખૂબ બળવાન છે. એ મારો પરમ ભક્ત છે. આપણે એની કસોટી કરીએ. પરંતુ આપણે ઓળખાઇ ન જઇએ એ માટે



બરાબર કાળજી રાખવી પડશે. આપણે સાધુનો વેશ લઇને એના દરબારમાં જઇને એની પરીક્ષા કરીએ." કૃષ્ણની વાત સાંભળીને અર્જુન કહે છે, "હે પ્રભુ ! આપ જે પ્રમાણે કહેશો તે પ્રમાણે કરવા હું તૈયાર છું." (આ પછી કૃષ્ણ અને અર્જુન સાધુનો વેશ લઇને રાજા મયુધ્વજના દરબારમાં આવે છે. સિંહાસન પર રાજા બેઠા છે. આજુબાજુમાં રાણી કમળાવતી તથા પુત્ર બેઠા છે. સાધુઓને આવેલા જોઇને સૌ ઉભા થઇને તેમનું સ્વાગત કરે છે.)

**સાધુરૂપે કૃષ્ણ અને અર્જુનઃ**–હે રાજન્ ! આપ તો ગૌબ્રાહ્મણ પ્રતિપાળ છો. આપ અશ્વમેધ યજ્ઞ કરી રહ્યા છો. ભિક્ષુકને દાન આપી તૃપ્ત કરો છો. અમે જાતના બ્રાહ્મણ છીએ. અમારા એકના એક બાળકને એક અઘોરી ઉઠાવી ગયો છે. અમે બાળકને લેવા ગયા ત્યારે અઘોરીએ કહ્યું કે, "તમે રાજાનું જમણું અડધું અંગ લાવી આપો તો તમારો પુત્ર પાછો આપું. જો નહિ લાવી આપો તો તમારા પુત્રને મારી નાંખીને તેનું બલિદાન દઇશ. હે રાજન્ ! તમે અડધું અંગ આપો. અમારી ભીડ ભાંગો. અમારા વહાલસોયા લાડકવાયા દીકરાની જિંદગી બચાવો. જો તમે અંગ નહિ આપો તો અમે અત્યંત દુ:ખી થઇને અહીંથી ચાલ્યા જઇશું. ભલે, અમારો દીકરો અઘોરીના હાથે અકાળે મૃત્યુ પામે."

**મયુરધ્વજઃ**–હે મહારાજ ! મારું અડધું અંગ તમે જેમ કહેશો તે રીતે હું આનંદથી આપીશ.

**સાધુઓઃ**–હે રાજન્ ! બરાબર સાંભળી લે. તારો પુત્ર અને તારી રાણી હસતું મોં રાખીને હાથમાં કરવત પકડીને, મંગળ ગીત ગાતાં ગાતાં તારા માથા પરથી વહેરી જમણું અંગ કાપી આપે તો જ એ તારું અંગ અમને ઉપયોગી બનશે. તમારા ત્રણેમાંથી કોઇની આંખમાં આંસુનું એક ટીપું પણ આવવું જોઇએ નહિ. આજે

છેલ્લો દિવસ છે. આવતી કાલે વિલંબ થતાં એ અઘોરી અમારા લાડીલાનું બલિદાન આપી દેશે.

(મયુરધ્વજ રાણી તથા પુત્રને ઉદ્દેશીને કહે છે)

**મયુરધ્વજ**:–આજે આપણા દ્વારે સાધુસંતો અતિથિ બનીને આવ્યા છે. તેમનો સત્કાર કરવો એ આપણો ધર્મ છે. તેમની માંગણી સંતોષવી એ આપણું પવિત્ર કર્તવ્ય છે. તેમના બાળકને અઘોરીના પંજામાંથી બચાવવા માટે તેઓ મારા શરીરનું જમણું અંગ લેવા માટે આવ્યા છે. એમના લાડીલા પુત્રનો જાન બચાવા માટે ભલે મારો જાન જાય તેની મને પરવા નથી. આવી અણમોલ તક ફરી ફરીને મળતી નથી. તમે મા દીકરો આ કરવત હાથમાં પકડો અને મંગળ ગીત ગાતાં ગાતાં મારું જમણું અંગ વહેરી આ બ્રાહ્મણોને આપજો. જેથી એમનો પુત્ર બચી જાય. પણ હા, વહેરતી વખતે તમારી આંખમાં જરા પણ આંસુ આવવાં જોઈએ નહિ.

(મયુરધ્વજ પાટલા પર બેસે છે. રાણી અને પુત્ર કરવત વડે તેનું મસ્તક વહેરતાં મંગળ ગીત ગાઈ રહ્યાં છે.)

**રાણી અને પુત્ર**:–

"હાં રે ધન્ય આજની ઘડી છે રળિયામણી
હાં રે શુભ અવસર આવ્યાની વધામણી હોજી રે...આજની
હાં રે આસોપાલવના તોરણ બંધાવ્યાં
હાં રે મેં તો રંગ રંગના સાથિયા પૂરાવ્યા,
હાં રે માંહી ચિતર્યા મોર અને હાથિયા હોજી રે...આજની
હાં રે રૂડો અવસર આવ્યો મારા બારણે
હાં રે એવી સંતોની સેવાના કારણે
હાં રે આજે પાવન થયા મારા આંગણા હોજી રે...આજની



હાં રે શારદા મંડળના હૈયાં હરખાવજો
હાં રે તમે આત્મા પર દયા દર્શાવજો
હાં રે મારું જીવન ધન્ય બનાવજો હોજી રે"...આજની

(રાજાની ડાબી આંખમાંથી આંસુ પડે છે એ જોઈને સાધુઓ કહે છે)

**સાધુઓ**:–બસ, બંધ કર. તારો તમાસો અમારે જોવો નથી. અમે કહેલુ કે તારી આંખમાંથી આંસુનું એક ટીપું પણ પડવું ન જોઈએ. પરંતુ હે રાજા, તારી ડાબી આંખમાંથી આંસુ પડે છે. માટે તારું અંગ હવે અમને કામ આવે નહિ.

**મયુરધ્વજ**:–હે સંત મહારાજ ! કોઈ દુઃખ કે વેદનાને લીધે મારી ડાબી આંખ રડી રહી નથી. પરંતુ ડાબા અંગને થાય છે કે જમણા અંગે કેવાં પુણ્ય કીધાં હશે જેથી એ અંગ આજે કામ આવે છે ! મારું કેવું કમનશીબ ! મારા ક્યાં જનમના પાપ આડે આવ્યાં કે જેથી હું કામ ન આવી શકું ?–આવા વિચારે જ મારી ડાબી આંખ રડી રહી છે.

(મયુરધ્વજનો જવાબ સાંભળી સાધુરૂપે રહેલ ભગવાન કૃષ્ણ સાક્ષાત્ પ્રગટ થઈ દર્શન આપે છે.)

**કૃષ્ણ**:–હે રાજન્ ! અમે તમારી કપરી કસોટી કરી ! તું ખરેખર મારો સાચો ભક્ત છે. આ મારી સાથે છે તે અર્જુન છે. અમારો અશ્વ અમને પાછો આપો. અમારે ત્યાં અશ્વમેઘ યજ્ઞ થઈ રહ્યો છે. તો તમે પણ બધા અમારી સાથે ચાલો.

(સૌ કૃષ્ણના દર્શન કરી, તેમના આમંત્રણને માન આપી અશ્વમેઘ યજ્ઞમાં ભાગ લેવા માટે હસ્તિનાપુર તરફ જવા રવાના થાય છે.)

(મુ. ઘલુડા પો. તા. પલસાણા જિ. સુરત)

# શ્રી આદિ શંકરાચાર્ય

ધૂની માંડલિયા

ભારતભરમાં શ્રી આદિ શંકરાચાર્યજીની ૧૨૦૦મી જન્મજયંતી ઉજવાઈ રહી છે. દેશના ખૂણે ખૂણે અને વિદેશોમાં પણ ધર્મપ્રસારણનું દાયિત્વ પોતાને શિરે લઈ લેનાર સમર્પિત આત્માઓ–મહાત્મા સંન્યાસીઓ આજે પણ જેને એક મતે ગુરુ તરીકે સ્વીકારે છે અને સન્માને છે, તે વિરલ વિભૂતિ શ્રી આદિ શંકરાચાર્યજીનો જન્મ ઈ. સ. ૭૮૮માં થયેલો હતો. તેમના પ્રાગટ્ય કાળ બાબત અંગે જોકે ભિન્ન ભિન્ન અભિપ્રાયો પ્રવર્તે છે–ભારતના દક્ષિણતમ પ્રદેશ એવા મલબારમાં પશ્ચિમ કાંઠે કાલડી નામક એક નાનકડા ગામમાં, સરળ, વિદ્વાન અને ખંતીલી એવી નામ્બુદ્રી બ્રાહ્મણ જ્ઞાતિમાં તેમનો જન્મ થયો હતો. પિતા નાની વયે જ પરલોક સીધાવ્યા. હજુ તો સંસારનો કોઈ અનુભવ ન હોવા છતાં બાળક શંકરને તે અસાર લાગ્યો અને આઠ જ વર્ષની વયે ગૃહત્યાગ કરવાનો નિર્ણય કર્યો. વિધવા માતા એકનાએક બાળ પુત્રને સંન્યાસી શી રીતે થવા દે ? એક દિવસ શ્રી શંકર નદીમાં સ્નાન કરતા હતા. ત્યારે મગરે એમને પકડ્યા અને પાણીમાં ખેંચી જવા લાગ્યો. શ્રી શંકરે કિનારે ઉભેલી માને કહ્યું : "મા, મને મગર લઈ જઈ રહ્યો છે. મને બચાવવો હોય તો ભગવાનને સોંપી દે. મારા પરથી તારો હક્ક ઉઠાવી લે." ગભરૂ માતા પુત્રને બચાવવા માટે શ્રી શંકરના કહેવા પ્રમાણે વચનબદ્ધ થઈ. મગર શ્રી શંકરને છોડીને ઊંડા પાણીમાં ચાલ્યો ગયો. બાળ શંકરનો ગૃહત્યાગનો માર્ગ માતાની વચનબદ્ધતાને કારણે સરળ થયો.



ગુરુની શોધમાં તેઓ ગિરિ–કંદ્રા અને અરણ્યમાં ઘૂમવા લાગ્યા. નર્મદા તટ પરની એક ગુફામાં નિવાસ કરતા શ્રી ગોવિંદપાદ આચાર્યનો તેમને ભેટો થયો. શાસ્ત્રના અધ્યયન માટે તે તેમની પાસે રહ્યા. એક સમયે નર્મદામાં ભારે પૂર ચઢી આવ્યા અને પાણી વધતાં જતાં હતાં. શ્રી ગોવિંદપાદ સમાધિમાં મગ્ન હતા. અન્ય સહાધ્યાયીઓ સૌ તેમના વિશે ચિંતિત હતા. શ્રી શંકરે પોતાના કમંડલુમાં નર્મદાના વારિ વાળી લીધાં. ગુરુજી સમાધિમાંથી જાગ્યા. તેમણે શિષ્યના તેજ પારખી લીધાં. શ્રી શંકર ગુરુ ગોવિંદપાદના પટ્ટશિષ્ય બન્યા. ગુરુ અદ્વૈત વેદાંતી હતા. વેદાંત દર્શનના સિદ્ધાંતો એમણે શિષ્યમાં સિંચ્યા.

ભારતમાં અનાદિ કાળથી ગુરુ–શિષ્ય પરંપરા ચાલી આવે છે. જગતના આદિ ગુરુ ભગવાન શિવ દક્ષિણામૂર્તિ છે. આવી સંખ્યાબંધ એક પરંપરામાં આચાર્યશ્રી ગૌડપાદ તેમના શિષ્ય શ્રી ગોવિંદપાદ અને તેમના શિષ્ય શ્રી આદિ શંકર છે. શ્રી શંકરે સોળ વર્ષની વયે સઘળા વેદો આત્મસાત કરી લીધા, ષડ્દર્શનનો ઊંડો અભ્યાસ કર્યો અને પછી ગુરુએ આજ્ઞા કરી હોવાથી નિજી અવતાર કાર્ય પરિપૂર્ણ કરવા માટે સારાયે ભારતની યાત્રાએ તેઓ નીકળ્યા.

પરિસ્થિતિ ઘણી વિકટ હતી. ભારત ત્યારે કોઈ એક રાજકીય રાષ્ટ્ર એકમ ન હતું. નાના–મોટા અસંખ્ય રાજ્યશાસનોમાં તે વિભાજિત હતું. અનેક ભાષાઓ બોલાતી હતી. અનેક જ્ઞાતિઓ હતી. લોકોનાં પોષાક, આહાર, રહેણીકરણી, રીત–રિવાજો ભિન્ન ભિન્ન હતા. આધ્યાત્મિક ક્ષેત્રે અનેક વિચારસરણીઓ, સંપ્રદાયો પ્રવર્તતા હતા. બૌદ્ધ ધર્મનાં વળતાં પાણી શરૂ થયાં હતાં. જૈન ધર્મ પરાકાષ્ટાએ હતો. જો કે આ બે

મહાન સંપ્રદાયો ભારતના મૂળભૂત સનાતન ધર્મમાંથી જ પાંગર્યા હતા, છતાં સનાતન ધર્મ તત્કાલીન સામાજિક પરિસ્થિતિઓને અનુકૂળ ન જણાતા લોકો તેનાથી વિમુખ થતાં હતાં. અથવા તો તેમાં પ્રવર્તી રહેલ અનેકાનેક વિચારસરણીઓમાં વહેંચાઇ ગયા હતાં. ભારતનો આત્મા ખોવાઇ ગયો હતો. શાક્તોમાં અનેક પ્રકારની વરવી છતાં ધાર્મિક કહેવાતી ક્રિયાઓ પ્રચલિત હતી. કાપાલિકો મેલીવિદ્યાના ઉપાસક હતા. મિમાંસકો–કુમારીલ ભટ્ટ અને મંડનમિશ્રા–કર્મકાંડની પ્રખર હિમાયત કરતા હતા. આ આધ્યાત્મિક અંધાધૂંધીમાં હિંદુધર્મ તો જાણે નામશેષ થઇ રહ્યો હતો. આવા સમયે શ્રી શંકરાચાર્યજીએ પોતાના ધાર્મિક દિગ્વિજયનો પ્રારંભ કર્યો.

કન્યાકુમારીથી કાશ્મિર અને ઠેઠ હિમાલયમાં બદ્રીનાથ કેદારનાથ સુધીના તથા જગન્નાથપુરીથી દ્વારકા સુધીના પ્રદેશોમાં એમણે ઠેરઠેર શાસ્ત્રાર્થો યોજ્યા. કુમારિલ ભટ્ટ અને મંડનમિશ્રાને શાસ્ત્રાર્થમાં હરાવ્યા. પરિણામે મંડનમિશ્રે સંન્યાસ સ્વીકારી, સુરેશ્વરાચાર્યના નવા નામથી આચાર્યનું શિષ્યપદ ગ્રહણ કર્યું. શ્રી શંકરનો ચોતરફ દિગ્વિજય થયો. દક્ષિણમાં તેમણે શાક્તો દ્વારા થતાં બલિયજ્ઞો અટકાવ્યાં. ભૈરવના ઉપાસકો એવા કાપાલિકો માનવબલિ ધરતા હતા. એમણે આ અમાનવીય પ્રથા બંધ કરાવી. કહેવાય છે કે ઘોર અરણ્યમાં કાપાલિકો જ્યારે માનવબલિ તરીકે શ્રી શંકરાચાર્યના મસ્તકનું દેવીનાં ચરણોમાં નૈવેદ્ય ધરાવવા તત્પર હતા, તે સમયે નૃસિંહ ભગવાને સિંહના રૂપમાં પ્રગટી કાપાલિકોનો વધ કરી અને શ્રી શંકરને બચાવ્યા હતા.

શ્રી શંકરે જોયું કે તત્કાલીન પ્રવર્તમાન પરિસ્થિતિમાં એકમાત્ર અદ્વૈતદર્શન જ સૌના જવાબરૂપે હતું. રૂઢિગત ચાલ્યા



આવતા દર્શનમાં શ્રી શંકરે સમયોક્તિ તીક્ષ્ણતા આણી. યુગની માંગને આ વિચક્ષણ પુરુષ બરાબર પારખી ગયા. જ્ઞાનમાર્ગની સર્વોપરિતા સિદ્ધ કરવા સાથે તેમણે પોતે પોતાના જીવન દ્વારા જ કર્મયોગની આવશ્યકતાને બિરદાવી. ઉપાસનાના પણ ત્યારે અનેકાનેક પૂજા સ્વરૂપો હતાં. શ્રી શંકરે તે સઘળાંનાં શ્રેષ્ઠ તત્ત્વોને સ્વીકાર્યાં અને સઘળાનો સમન્વય સાધ્યો. હિંદુધર્મમાંના વિવિધ ગ્રંથો–શાક્તો, શૈવો, વૈષ્ણવોને પણ એક સર્વ સામાન્ય છત્રછાયા હેઠળ લાવવાનો ભગીરથ પ્રયત્ન કર્યો. અને પંચાયતન પૂજા–વિષ્ણુ, શિવ, શક્તિ, સૂર્ય અને ગણેશની પ્રચલિત કરી. તેમણે આ સર્વ દેવદેવીઓને સંબોધી ખૂબ જ ભાવસભર ભક્તિસ્તોત્રો રચ્યાં. જે આજે પણ સર્વત્ર લોકપ્રિય છે. સાથે સાથે એમણે હિંદુ ધર્મના ત્રણ મૂળભૂત ગ્રંથો–ઉપનિષદ્‌, ગીતા અને બ્રહ્મસૂત્રો–જે "પ્રસ્થાનત્રયી"ના નામે ઓળખાય છે, તેના પર ભાષ્યો રચ્યાં. અદ્વૈતદર્શન સમજાવતાં પ્રકરણ ગ્રંથો પણ લખ્યાં. આમ, જ્ઞાન, ભક્તિ અને કર્મના ત્રિવિધ યોગના સમન્વય દ્વારા એમણે એક એવું પ્રબળ આધ્યાત્મિક વહેણ ગતિમાન કર્યું જેના વેગમાં અન્ય સઘળી વિચારસરણીઓ લગભગ લુપ્ત થઇ ગઈ.

તેઓ એક પ્રખર સમાજસુધારક પણ હતા. વ્યાવહારિક દૃષ્ટિએ વર્ણાશ્રમ વ્યવસ્થાના સમર્થક હોવા છતાં એમણે એક શૂદ્રનો પણ ગુરુ તરીકે જાહેરમાં પણ સ્વીકાર કર્યો અને તે વિષે એક કાવ્ય રચ્યું. જે "મનિષાપંચક"નામે વિખ્યાત છે. આમ, વર્ણાશ્રમ વ્યવસ્થા જન્મે નહિ, પરંતુ ગુણ અને કાર્યને અનુરૂપ હોવી જોઈએ એવી ભગવદ્‌ગીતાની વાત તેઓએ આજથી બાર સદી પૂર્વે જીવનમાં આચરી બતાવી હતી. તેઓ કેવા નીડર હતા

તેનું ઉદાહરણ આથી પણ અન્ય એક ઘટનામાં પ્રતિબિંબિત થાય છે. પોતાનાં માતાને અગ્નિસંસ્કાર કરીને તેમણે પ્રચલિત સંન્યાસધર્મની અવગણના કરી અને જ્ઞાતિજનોનો રોષ વહોરી લીધો. આ ઘટના એ પણ બતાવે છે કે તેમના વિરાગી અંતઃકરણમાં માનવી સુલભ કોમળતા ભારોભાર હતી. બહારથી કઠોર તપસ્વી લાગતાં આ મહાપુરુષના અંતરમાંથી કરુણા ભારોભાર નિતરતી હતી. તેમની કૃતિઓમાં આ વાત સ્પષ્ટપણે વર્તાઈ આવે છે. સંસારના જીવો કેમ કરીને જન્મમૃત્યુના ચક્રમાંથી છૂટી જાય તે અંગેની તેમની ઉત્કંઠા આ કૃતિઓમાં સર્વત્ર જોવા મળે છે, તેથી ક્યારેક પ્રેમથી, ક્યારેક તર્કયુક્ત સમજાવટથી, ક્યારેક કઠોરતાથી તો ક્યારેક વળી ચાબખા મારીને પણ લોકો મુક્તિપંથે વળે અને આયખુ એળે ન જવા દે એ બાબતની તેમની સતત સચિંતતા છતી કરે છે.


કેટલાય તેમને વિચક્ષણ મુત્સદ્દી પણ માને છે. તેઓની બહુમુખી પ્રતિભામાં આ (મુત્સદ્દીપણું) પણ એક કલગી હશે એમ માનવાને પ્રબળ કારણ છે. સાંપ્રત ભારતને મહાત્માજીએ અંગ્રેજોની પકડમાંથી મુક્ત કર્યું અને સરદાર વલ્લભભાઈ પટેલે દેશી રાજ્યોના આંતરિક સીમાડાઓ ભૂંસી નાંખી, એક અને અખંડિત ભારતનું સર્જન કર્યું. રાજકીય ક્ષેત્રે સિદ્ધ થયેલ સાંપ્રત રાષ્ટ્ર–ઐક્યને બારસો વર્ષ પહેલાં શ્રી શંકરાચાર્યે તત્કાલીન ભિન્ન ભિન્ન રાજ્યશાસનો અને તે પણ ભિન્ન ભિન્ન સંપ્રદાયોને વરેલા રાજ્યશાસનોના સીમાડાઓને ઉલ્લંઘીને સાંસ્કૃતિક ક્ષેત્રે ઐક્ય ભાવના સર્જીને ચમત્કાર કર્યો હતો. આજના ભારતને પોતાની દીર્ઘદૃષ્ટિથી જોતાં હોય તેમ તેમણે સાંપ્રત ભારતના ચાર સીમાડે ચાર મઠની સ્થાપના કરીને જાણે ચાર સાંસ્કૃતિક



પ્રહરીઓ ગોઠવી દીધા અને ચાર ધામની યાત્રાનો મહિમા વધારી દીધો.

આ બધું છતાં તેઓ કોઈ સંકુચિત રાષ્ટ્રના સીમાડાઓમાં બંધાઈ રહે તેમ ન હતા. તેમની ચેતના તો વૈશ્વિક હતી. અને તેથી જ તો તેમણે સનાતનધર્મનું હાર્દ પકડ્યું હતું, સનાતન ધર્મ એટલે વૈશ્વિક ધર્મ–માનવમાત્રનો ધર્મ. પછી તે માનવી વિષુવૃત્તમાં વસતો હોય કે ઉત્તર–દક્ષિણ ધ્રુવની નજીક, માનવનો દુર્લભ જન્મ પ્રાપ્ત થયો છે, તો તેનો મહત્તમ લાભ લઈને માનવી માત્રે આત્મકલ્યાણના પંથે પ્રયાણ કરી, મુક્તિ મેળવી લેવી જોઈએ, એ પરનો એમનો ભાર માત્ર હિંદુઓ પૂરતો મર્યાદિત ન હતો. માનવમાત્રને માટેની તેઓની ઉત્કંઠા હતી. વિશ્વ ચેતના અને વિશ્વ શાંતિના તેઓ પ્રથમ મસીહા હતા. શાંકરભાષ્ય દ્વારા તેમણે અધ્યાત્મના નિગૂઢ સત્યને ભારત સમક્ષ રજૂ કરી હિન્દુત્વના પ્રાણ તત્ત્વને સજીવન કર્યું હતું.

**અંબાજીમાં ક્યાં ઉતરશો ?**
" સ્વર્ગારોહણ "
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯
(ઉ.ગુ.) ૩૮૫ ૧૧૦






# સત્ય–ઉપલબ્ધિ

ભાઇલાલભાઇ છાટબાર

પ્રાચીન કાળથી પ્રબોધકો (સત્યં વદ) 'સત્ય બોલો'–બોધવાક્યનું નિરંતર ફરીફરીને ઉચ્ચારણ કરી રહેલ છે અને સત્યનો મહિમા માણસને ગળે ઉતરાવવા કોશિષ કરતા રહ્યા છે. 'સત્ય બોલો'–બોધવચનની પુનરુક્તિ કરી તેઓ સત્યનો મહિમા માણસને આત્મસાત્ થાય તેવી સતત્ કોશિષ કરતા રહ્યા છે. 'સત્ય બોલો'–એમ કીધા જ કરવું પડે તે અચરજ પમાડે તેવી વાત છે. છતાં 'સત્યં વદ'–'સત્યં વદ'નું બોધરટણ જરૂરી છે.

માણસની જિંદગી અસત્યના પાશમાં બંધાયેલી છે અને અસત્યના બંધનમાંથી મુક્ત થઇ જઈ, માણસ પરમ સત્યને પામે તેવો, વારંવારના આ બોધ પાછળનો હેતુ છે. તે બોધ પાછળ શુદ્ધ વિચાર, શુદ્ધ વાણી, શુદ્ધ વ્યવહાર અભિપ્રેત છે.

માણસનો 'હું' સવારથી સાંજ સુધીમાં અનેક સ્વરૂપ બદલે છે. સ્થળ કાળ સંજોગ અને પરિસ્થિતિ અનુસાર ધરતી જુદી જુદી ઘટનાઓ વખતે માણસના ઉચ્ચારણો, વિચારો, લાગણીઓ, સત્યપરત્વેની વિભાવના પ્રસંગે પ્રસંગે બદલતી રહે છે.

માણસ એક એવી ભ્રામક માન્યતા લઈને ચાલતો હોય છે કે તે પોતે ઇચ્છે અને સત્ય બોલવાનો નિશ્ચય કરે એટલે વાત પતી ગઈ. આવી તેની માન્યતા આત્મવંચના છે.

માણસ સામાન્ય રીતે જવલ્લે જ જાણી જોઈને ઈરાદાપૂર્વકનું જૂઠાણું બોલે છે. પરંતુ બહુસંખ્યક કિસ્સાઓમાં

જોવા મળે છે કે સત્યના અંચળા નીચે જૂઠાણાની અરાજકતા ચાલતી હોય છે. માણસ જૂઠું બોલવા માંગે કે સત્ય બોલવા ચાહે ત્યારે બંને વખતે તે જૂઠું બોલતો હોય છે. તે પોતાની જાત સાથે અને બીજાઓ સાથે બધેય પ્રસંગે છલના કરી રહ્યો હોય છે.

પરિણામે માણસ નથી કદી પોતાને સમજતો કે નથી સામા માણસને સમજતો. વાણી વ્યવહાર બંને વચ્ચે ગેરસમજની દીવાલ સર્જે છે. સંવાદ સર્જાતો નથી.

સત્ય-અસત્યની તારવણી, જે વ્યક્તિ અસ્તિત્વનું એકમાત્ર નિત્ય કેન્દ્ર પામી ચૂકી હોય છે, તે કરી શકે છે. આવી વ્યક્તિ એક જ દિશામાં એક કાયમી ઉદ્દેશ લઈને શરીરયાત્રા કરી રહી હોય છે.

અસ્થિર અસ્થાયી કેન્દ્રમાં અથડાતા-કૂટાતા લોકો એકબીજાને સમજતા હોતા નથી. તેઓ સાચેસાચ એકબીજાને સમજતા હોય તો માનવીય સંબંધમાં વિસંવાદ, ગેરસમજ કે તીરસ્કાર સર્જાય જ નહિ. બીજાઓના દૃષ્ટિબિંદુઓ અને મંતવ્યો પ્રત્યે અણગમો કે પ્રતિકૂળ પૂર્વગ્રહ સરજાવા પાછળ પાયાનું મુખ્ય કારણ અસદ્-વ્યવહાર છે. લોકો એકબીજાને સમજી શકતા નથી કેમકે તેઓ વ્યવહારમાં અસત્યભાષી બન્યા વગર રહી શકતા નથી.

સત્યભાષિતા અંતર-મનની કઠિનમાં કઠિન કસોટી છે. સત્યભાષી બનવાની ઈચ્છા રાખ્યેથી વાતનો નિકાલ થઈ જતો નથી. સત્યમંડિત સદ્વ્યવહારની સમજણ માટે માણસે સત્ય અને જૂઠાણાંને પારખી લેતાં શીખી લેવું પડે છે અને ખાસ તો પોતાની અંદર રહેલા જૂઠાણાંને માણસે પરખંદા બની ઓળખી લેવું પડે છે.



જૂઠાણાંને જૂઠાણાં તરીકે પારખી લઈ તેનાથી બચી જતાં માણસનું સત્યમાં પ્રસ્થાપન થાય છે. જૂઠાણાંને સમૂળગું ઉથાપવું એ સત્યમાં પ્રતિષ્ઠા છે.

સત્યદર્શન આડે 'અસત્ય-છાયા' એક વિશાળકાય અટક સ્થાન છે.

વ્યક્તિ સત્ય-આભાસ અને અર્ધસત્યમાં સંમોહિત નિંદ્રાભરી જિંદગી જીવે છે. અર્ધસત્ય જૂઠાણાંથી પણ વધારે હાનિકર અને જોખમકારક છે. આમ મનુષ્ય ખુદ પોતાને નથી ઓળખતો હોતો અને સત્યના આભાસમાં જિંદગી જીવ્યે જાય છે.

જે વિષય વિશે પોતે તદ્દન અજ્ઞાની હોય તેવા વિષય વિશે બોલવું એ જૂઠાણાંની સામાન્ય વ્યાખ્યા છે. 'હું'ને રીઝવવા લેવાતો આવો અસત્યનો આસરો જૂઠાણાંને નોતરે છે.

આવું અસત્ય ઉચ્ચારણ હેતુપૂર્વકનું જૂઠાણું નથી હોતું. કોઈપણ વિષય વિશે-કાંઈપણ ખબર ના હોવા છતાં-લોકો જે પોતપોતાના સિદ્ધાંતો વાતવાતમાં પ્રસ્થાપિત કરી રહ્યાં હોય છે, તે બધામાં જરાક ઊંડા ઉતરીએ તો માલૂમ પડે કે જૂઠાણું કેવું-ક્યાં-કયી રીતે શરૂ થાય છે.

ઉંઘભરી અર્ધજાગ્રત્ જિંદગી જીવતા લોકોને કોઈ વસ્તુનું સચોટ જ્ઞાન નથી હોતું, છતાં પણ દરેક વસ્તુ-વિષય વિશે પ્રવર્તમાન સમયે તેમની પાસે કંઈક ને કંઈક સિદ્ધાંત કે માન્યતા હોય છે. તત્ક્ષણ વિના વિલંબે રજૂ થતાં આ બધા સ્વસર્જિત સિદ્ધાંતો અને રૂઢ માન્યતાઓનો મોટો ભાગ જૂઠાણું હોય છે.

સામાન્ય વ્યવહારો અને અતિસામાન્ય વાતચીતો દરમ્યાન

વ્યક્તિ જૂઠું બોલતી હોય છે અથવા રૂઢ આદતને કારણે તેનાથી યંત્રવત્ જૂઠું બોલાઇ જતું હોય છે.

વાણીમાં અસત્યનો અંશ ક્યારે કેમ દાખલ થઇ જાય છે, તેની સભાનતા વ્યક્તિને રહેતી નથી.

સત્યાર્થીએ તો પોતાની વાણીમાં લેશ માત્ર અસત્યની છાયા ના ઘૂસી જાય તે પ્રત્યે પૂરેપૂરી જાગૃતિ રાખવી જોઇએ. સત્યાર્થી સત્યાશ્રયી અને સત્યશોધક હોય છે.

અસત્યનો નાનકડો અંશ પણ સત્ય સાધનામાં વિશાળકાય અટક સ્થાન બની રહે છે.

માણસ સામાન્ય રીતે કહેવાતી જાગ્રત્ અવસ્થામાં પણ એક યંત્રમાનવની જેમ મૂર્ચ્છામાં જીવે છે. તે પ્રવૃત્તિઓ કરે છે પરંતુ બધું યંત્રવત ચાલતું હોય છે.

માણસ પોતે જે પ્રવૃત્તિ કરી રહ્યો હોય છે, તે વિશે તેને પૂરી સભાનતા હોતી નથી. કાર્યકારણ પ્રત્યે તેનું અવલોકન નથી હોતું. તે પોતાના દિમાગમાં પેદા થતાં વિચાર પ્રત્યે પણ સાવધાન નથી હોતો.

માણસ વિચાર વાણી અને વ્યવહારમાં આભાસી સત્યની છાયામાં જીવે છે. પોતે 'શું શું જાણી શકે' અને ખાસ તો 'શું શું ના જાણી શકે'–તે વ્યક્તિએ સર્વ પ્રથમ સમજી લેવું જોઇએ, જેથી તે પોતાની બુદ્ધિશક્તિ, ગ્રહણશક્તિ અને કાર્યક્ષમતાનો અંદાજે સાચો આંક બાંધી શકે.

જ્ઞાનક્ષેત્રે આવતી તમામ સામગ્રી–વસ્તુઓને ચકાસવાની પદ્ધતિઓ હોય છે. તે પદ્ધતિ કે માપદંડ 'વસ્તુસત્ય'ની ચકાસણીમાં મદદરૂપ થાય છે.



આ રીતે 'સત્યપરખ'ના માપદંડથી વ્યક્તિ કડક કસોટી કરે તો તેને તરત જ જૂઠાણાં જાણવા–સાંભળવા મળે છે.

સાચાં–ખોટાંની પરખનો વિચાર દિમાગમાં ઝબકે તે પહેલાં તો જૂઠાણાંનો સૂર શ્રાવણેન્દ્રિય દ્વારા બુદ્ધિ કેન્દ્રમાં પહોંચી જાય છે; કેમકે જૂઠાણાંનો સૂર પોકળ હોય છે–ખાસ કરીને તે વિષય વિશેનું જૂઠાણું કે જે વિષય વિશે માણસને કાંઇ જાણ હોતી નથી–જાણી શકવાની તેને માટે શક્યતા પણ હોતી નથી.

જૂઠાણાંને ખૂબ જ મળતી બાબત છે આપણી ભ્રમણાઓ.

વ્યક્તિ–વસ્તુ–ઘટના વિશે આપણે આપણને ખુદને છેતરતા હોઈએ છીએ. ખોટા વિચારો ખોટા ખ્યાલો ખોટી માન્યતાઓ ખોટા દૃષ્ટિબિંદુઓ વગેરે.

આ બધી ખોટી માનસિક ભ્રમણાઓ અવલોકન અને અભ્યાસ માગી લે છે; કેમકે જ્યાં સુધી વ્યક્તિ પોતાની ભ્રમણાઓને સમજવાની શરૂઆત કરતી નથી ત્યાં સુધી વ્યક્તિ કદીય સત્યદર્શનની દિશામાં આગળ વધી શકતી નથી.

દરેક બાબતમાં વ્યક્તિએ સર્વ પ્રથમ ભ્રમણાઓ અને ઝીણામાં ઝીણી શક્ય હકીકતોને, જાગૃતિ પૂર્વક તોલમાપ કાઢીને, અલગ પાડવી જોઈએ. માત્ર ત્યારે જ તથ્ય તારવવાનું શક્ય બને છે; અને સમજાય છે કે વ્યક્તિ પોતે ખરેખર કાંઇ નવી વસ્તુ શીખી શકે એમ છે કે નહિ.

સંસારભરના પ્રાજ્ઞો અને પ્રબુદ્ધો, એમની વિચારધારા અને એમની પ્રાપ્તિ–પહોંચની ભૂમિકાઓની પીઠમાં સત્યની દૈદીપ્યમાન જ્યોત ઝળહળી રહી છે. તેઓ સત્ય પામી ચૂક્યા હોય

છે પરંતુ સત્ય-અનુભૂતિ શબ્દાદિક છે, તર્કાતીત છે, અમીત છે.

સત્યદર્શનમાં દૃશ્ય-અદૃશ્ય સમસ્ત સ્થૂળનું અતિક્રમણ થાય છે.

આકાશમાં ઉડતા પંખીની છાયાની જેમ સત્યના પદચિહ્ન દૃષ્ટિગોચર કે અંકિત નથી હોતાં. અશબ્દ અમન મૌન સ્પંદિત આંદોલિત થઇ ઉઠીને મૌની સત્યાર્થીને પ્રતિસાદ આપે છે. મૌનના પ્રતિસાદનો ધ્વનિ વગરનો ધ્વનિ (**Soundless Sound**) સત્ય છે.

મૌનને આનંદનું નિજી ગીત વરેલું છે. તે સૌંદર્ય-શાંતિ-આશિષયુક્ત છે.

'પ્રાર્થના-મૌન-ધ્યાન'-ચેતનાનું વિસ્તરણ કરે છે. મનનું અતિક્રમણ સત્યનું પ્રવેશદ્વાર છે. અગાઢ ધ્યાન સત્ય-ઉપલબ્ધિમાં પરિણમે છે.

સત્યદર્શી વ્યક્તિ સ્વયંની સત્ય-અનુભૂતિને અન્યમાં સંક્રાંત કરી શકે નહિ-સત્ય-અનુભૂતિનું આરોપણ અન્યમાં થઇ શકતું નથી.

એક વ્યક્તિનું સત્ય અન્ય વ્યક્તિનું સત્ય બની શકે નહિ.

સત્ય-અનુભૂતિ હરેક સત્યદર્શીની નિજી આધ્યાત્મિક સંપત્તિ છે.

પ્રત્યેકે સત્યદીપનો પરમ પ્રકાશ પોતાના અસ્તિત્વમાં પોતાને માટે પ્રગટાવવો પડે છે. સત્ય તર્ક ઉપર પણ સવારી કરી શકે છે. સત્યનિષ્ઠ મનુષ્ય તર્કને પણ સત્યની સેવામાં લગાડી દે છે. સત્યને સિદ્ધ કરવાની કોઇ આવશ્યકતા જ નથી. (**There is no argument against truth**). સત્ય તો સ્વયં સિદ્ધ છે.



# સર્વેશ્વરીની બાવની

જગજનની હે સર્વેશ્વરી, યોગેશ્વરની યોગેશ્વરી.
ચરણો માંહે કરી પ્રણામ, ધન્ય બનીએ અમે તમામ. ૧

કરવા મહિમાવંતી ધરા, પ્રગટ્યા માનવ રૂપે જરા,
ગામ કપુરા તો ધન્ય થયું, લોક હૃદયમાં રમી રહ્યું. ૨

નારી સ્વરૂપે સરળ સ્વભાવ, થઇ નિષ્કામ છૂપાવ્યો પ્રભાવ,
કોઈ ન પામ્યા તારો પાર, તુંથી દીપે આ સંસાર. ૩

તપ્યાવિના કેમ શુદ્ધ થવાય ? કૃપા પ્રભુની કેમ પમાય ?
ઉરમાં ખોજની જ્યોત ધરી, સાધના વિદ્યાલયે કરી. ૪

ગુપ્તપણે ગૃહે નિત તપતાં, આકરાં વ્રત પણ સહુ કરતાં,
છતાંય શિક્ષણ સેવા યજ્ઞ, કર્યો થઇ નિજ મહીં નિમગ્ન. ૫

શોભાવ્યું પદ આચાર્યનું, જેમ વધાર્યું શ્રાદ્ધા તણું,
અંતર વિકસી રહ્યું તહીં, નિજ પગ પર નિત ઉભા રહી. ૬

પવિત્રતાની મૂર્તિ રહ્યાં, મનથી પ્રભુને સદા વર્યાં,
મૌન મંદિરમાં પામ્યા તેજ, ગુરુ ભેટ્યા સામેથી સ્હેજ. ૭

યોગેશ્વનું મિલન થયું, જનમજનમનું પુણ્ય ફળ્યું,
ગુરુ અનુપમ ભક્તિ જાગી, પકડ્યું શરણું સહુ ત્યાગી. ૮

અલિપ્ત થઇ પરખ્યો સંસાર, પારાયણ કરી વારંવાર,
સાર્થક નામ સરોજ કર્યું, ગૌરવ માતપિતાને ધર્યું. ૯

ઝીભે વસેલી સરસ્વતી, ગુણલાં મધુરાં નિત ગાતી,
અદ્‌ભુત અનુપમ સરવાણી, રહ્યાં પુનિત જીવ નિત માણી. ૧૦

સુણનારાના દિલ વિંધે, પ્રકાશ કેરો પથ ચિંધે,
ખુમારી પ્રગટી અહો અનન્ય, નિત શરણાગત બને સુધન્ય. ૧૧

વરદ હસ્તની મળી સહાય, અવનવી ઉર શક્તિ ઉભરાય,
દિવ્ય દિક્ષાની સિદ્ધિ મળી, જડતા સઘળી ક્ષણમાં હરી. ૧૨

સર્વેશ્વરીનું નામ મળ્યું, અંતરમાં અજવાળું ઝગ્યું,
પૂર્વ જન્મની સ્મૃતિ જાગી, મુરલી મનોહર મન વાગી. ૧૩

ત્યજી ગયા ગુરુ પાર્થિવ દેહ, ઉમટ્યો ઉરમાં અદકો નેહ,
અનાજ દૂધ ને ફળ ત્યાગ્યાં, પરમ વિરાગ અહો પામ્યા ! ૧૪

કોમળ કાયા જતી સુકાઇ, દિવ્ય છતાંય તે જ પથરાય,
નિયમિત તો યે વ્રત તપ થાય, સહુને તેનું અચરજ થાય. ૧૫

કાયા શોધન કેરો યજ્ઞ, પ્રગટાવીને થયાં નિમગ્ન,
જન સમૂહની વચ્ચે રહ્યાં, પાવન તપ અગ્નિમાં થયાં. ૧૬

અમૃત અંતરમાં છલકાય, નયનોથી તો નેહ ઉભરાય,
ભાગવતી તનુનો શણગાર, અક્ષય સુખનો છે ભંડાર. ૧૭

ભરતી ભાવની ચઢી અમાપ, અંતર અનુભવે અજપા જાપ,
દેહભાવ રહ્યો નહીં લગીર, હરદમ આતમ ભાવે સ્થિર. ૧૮

દુર્ગમ સીધાં ચઢ્યાં ચઢાણ, ગુરુ કૃપાથી પુલકિત પ્રાણ,
શિખરો ઉન્નત સર કીધાં, આધ્યાત્મિક અમૃત પીધાં. ૧૯

મુનિજન જેને નમતા સદા, તે દેવોની તું સંપદા,
સર્વ દેવો કરે તુજ ભક્તિ, સકળ જીવોની તું શક્તિ. ૨૦

દર્શનથી તવ પાવન થાય, ગુણકીર્તન ભક્તો નિત ગાય,
પગલે તીરથ સર્જન થાય, દૈવી શક્તિનાં દર્શન થાય. ૨૧



કૃપા પિયૂષ પ્રાપ્તિ કાજે, નિર્મળ બનવું ઉર છાજે,
પંડિત પ્રજ્ઞ જનો વદતાં, પ્રેમે પ્લાવિત થઇ નમતા. ૨૨

કામનાથી ખરડાયાં સર્વ, ભક્તો વિનવે ત્યજીને ગર્વ,
રાખો અમને નિત શરણે, છે મુક્તિ સુખ તવ ચરણે. ૨૩

સ્વર્ગ સુખ પણ તુચ્છ દીસે, તુજ સંગે વૈકુંઠ વસે,
સંસાર કેરો તું છે સાર, પ્રેમતણો તું પારાવાર. ૨૪

વારંવાર જે કરશે સ્નાન, પ્રકાશ પથ પર કરશે પ્રયાણ,
કાદવે ખીલશે સુદર પદ્મ, સાર્થક બનશે માનવ જન્મ. ૨૫

જીવન જંગે વિજય મળે, ફળે મનોરથ, ફેરા ટળે,
ભક્તિ કરે સદા શક્તિ મળે, સાત્ત્વિક સર્વ સંકલ્પ ફળે. ૨૬

### દોહરો

પરમાર્થી તાપે શ્રમિત, આવ્યો તારે દ્વાર,
શીતળ છાંયે માવડી, પાજે અમૃત ધાર.

જય જય સર્વેશ્વરી જગદંબ,
જય જય યોગેશ્વરી જગદંબ,
જય જય તપેશ્વરી જગદંબ.

–ઇશ્વરભાઇ ભક્ત

# રામકથા

શ્રી યોગેશ્વરજી

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

જયંત ઉશ્કેરાઇને બોલી ઉઠ્યો : 'તમને સાચુ કહી બતાવું છું તોપણ મારી વાતમાં વિશ્વાસ ના હોય તો હું શું કરું ? તમે રામને સત્યપ્રતિજ્ઞ અને નીતિપરાયણ કહો છો પરંતુ નીતિપરાયણ પુરૂષો પણ સ્ત્રીની મોહિનેને લીધે કદી ભાન ભૂલીને ભળતા માર્ગે પગલાં ભરી બેસે છે. એ હકીકત ભૂલી જાવ છો. પુત્ર તરીકે તમારી પાસેથી સહાનુભૂતિ ભરેલા શબ્દો સાંભળવાની ઇચ્છાથી આવ્યો છે, પરંતુ તમે તો ઉલટું મને દોષિત ઠરાવવા માંડ્યા. મારું ભાગ્ય જ એવું છે ત્યાં શું કરવું ?'

એટલું બોલીને જયંત ત્યાંથી ચાલી નીકળ્યો.

ઇન્દ્રે એને જતાં જતાં કહ્યું : 'તે રામ અને સીતાનો ખરેખર કોઇ અપરાધ કર્યો હશે તો તને ઘરમાં નહિ રાખું.'

જયંત બોલ્યો : 'અને રામ કે સીતાએ મારો અપરાધ કર્યો હશે તો ? તમે એને દંડ દેવા તૈયાર થશો કે નામર્દ બનીને બેસી રહેશો ?'

'રામ અને સીતા કોઇનો અપરાધ કરે એવાં છે જ નહિ !' 'એ તો તમે કહો છો ને ? મારો અનુભવ તો એથી ઉલટો જ છે. એ અપરાધ કરે એવા નથી તો શું હું અપરાધ કરું એવો છું ? અપરાધ કરવાની વાત તો દૂર રહી, અપરાધ કરવાનો વિચાર પણ મારાથી નથી કરી શકાય તેમ.'

ચિત્રકૂટના ચિત્તાકર્ષક ચારુ પ્રદેશમાં રામ, લક્ષ્મણ અને સીતાના દિવસો શાંતિપૂર્વક પસાર થઇ રહ્યા હતા. એમને લીધે એ સ્થાન તીર્થ



જેવું મહિમામય તથા આનંદમય બની ગયું હતું. સિદ્ધાવસ્થાએ પહોંચેલા, આપ્તકામ, પરમાત્મપરાયણ સંતોના સમાગમનું તથા વનના એકાંતવાસનું જે સુખ એમને મળેલું તે સુખ અત્યંત અસાધારણ અને અનેરું હતું. બીજા સંતોની પેઠે ભારે આદરભાવથી પ્રેરાઇને એ અવારનવાર મહર્ષિ અત્રિ અને અનસૂયાની મુલાકાત લેતાં.

મંદાકિનીના મધુમય મંગલ તટ પર આવેલો મહર્ષિ અત્રિનો આહ્‌લાદક આશ્રમ એમને ગમતો અને આનંદ આપતો. મહર્ષિ એમને અનેક પ્રકારની સુંદર કથા વાર્તા સંભળાવતા અને સ્વાનુભવ પૂર્ણ સદુપદેશ આપતા.

એકવાર રામે સૂર્યાસ્ત પહેલાં મહર્ષિની વિદાય લેતાં સહજભાવે જણાવ્યું : 'ચિત્રકૂટના સુંદર સ્થળમાં રહેતાં રહેતાં ઘણો વખત વીતી ગયો. હવે મારા મનમાં આવાજ કોઇક બીજા સુંદર સ્થળમાં જવાની ઇચ્છા ઉત્પન્ન થઇ છે. તો એ બાબતમાં તમારી સલાહ માગું છું. મારે માટે ક્યા સ્થળમાં રહેવાનું યોગ્ય છે તે તમે કહી બતાવો.'

અત્રિએ સસ્મિત કહેવા માંડ્યું : 'રામ તમે તો આત્મારામ છો. યોગીઓ, ભક્તો ને જ્ઞાનીઓ તમારી અંદર રમે છે અથવા આનંદ કરે છે. તમે જ કહો કે તમે બીજે ક્યાં રહી શકશો ?'

'તમારી વાતને હું ના સમજ્યો.'

'એમાં ના સમજાય એવું છે જ શું ? તમે અંતરાત્મા છો, આત્મા અને પરમાત્મા બીજે ક્યાં રહે છે ? પંચમહાભૂતના શરીરમાં. પંચમહાભૂત તથા પંચ ઇન્દ્રિયોની કાયા પંચવટી છે. તમે એ પંચવટીમાં જ વાસ કરો.'

'તમારી વાતો ઘણી માર્મિક છે.'

'માર્મિક હોવા છતાં એ એટલી જ સાચી છે. દક્ષિણમાં ગોદાવરી નામની સુંદર નદી છે. એના તટ પર પંચવટી નામે રમણીય સ્થાન આવેલું છે. એ સ્થાન સર્વ પ્રકારે પવિત્ર અને સુખકારક છે. તમારા નિવાસ માટે એ અત્યંત અનુકૂળ છે. તમે હવે ત્યાં જ નિવાસ કરી અને ત્યાં રહીને

તપશ્ચર્યા કરતાં ઋષિમુનિઓને કૃતાર્થ કરો એ ઇચ્છવા યોગ્ય છે.'

રામને મહર્ષિ અત્રિની વાત ઘણી પ્રિય લાગી અને પસંદ પડી એટલે મહર્ષિએ આગળ કહ્યું : 'તમારો ત્યાંનો નિવાસ સર્વ પ્રકારે સુખદ અને આશિર્વાદરૂપ થઇ પડશે. તમારા જીવન કાર્યમાં એથી સહાયતા મળશે એવું મારી દૈવી દૃષ્ટિથી જોઇ શકું છું.'

એ પછી મહર્ષિએ રામને પંચવટીનો વિશેષ પરિચય આપ્યો ને કહ્યું : 'તમારું તથા સીતાનું જીવન ધર્મ ને નીતિની મર્યાદાની સ્થાપના તેમજ રક્ષા માટે છે. તમારા એ કાર્યમાં તમારે સ્વાભાવિક રીતે જ સંકટો મુસીબતો અને વેદનાનો અનુભવ કરવો પડશે. તમારો માર્ગ સદાને માટે સરળ નહિ હોય. પરંતુ તમારું જીવન જગતને માટે કલ્યાણકારક થઇ પડશે.'

રામે હસતાં હસતાં કહ્યું : 'મુસીબત, સંકટ કે વેદનાથી ડરી કે ડગી જઉં એવું નબળું મનોબળ મને નથી મળ્યું, મારું હૃદય લોખંડી છે. વિપત્તિરૂપી વિષનું પાન કરીને હું સસ્મિત ફરી શકું છું. વેદના મને વ્યથિત અને વિચલિત નથી કરી શકતી. સત્ય, ધર્મ, ન્યાય ને નીતિના પાલન માટે ગમે તેટલી મુસીબતો આવે, ગમે તેટલા ભોગ આપવા પડે, ને ગમે તેટલું સહન કરવું પડે, તો પણ હું તૈયાર છું. મને તેનું દુઃખ નથી થતું. મારા પ્રિયમાં પ્રિય પદાર્થનો ત્યાગ કરવો પડે તો પણ શું ? મને તે નથી સાલતું ને નહિ સાલે.'

'સીતાનો ત્યાગ કરવો પડે તો પણ ?'

'સીતાનો ત્યાગ મને નથી ગમતો. સીતાનો મારા પર અને મારો સીતા પર એટલો બધો સ્નેહ છે કે એના વિના હું જીવી જ ના શકું. છતાં પણ એનો ત્યાગ કરવો પડે તો પણ કર્તવ્ય પાલનનો ત્યાગ તો ના જ કરું.'

મહર્ષિ અત્રિએ સ્મિત કરીને કહ્યું : 'એટલા માટે જ તમારું જીવન



આદર્શરૂપ બનવાનું છે. બીજાને માટે એ પ્રેરણાસ્પદ થઇ પડશે. હું ઇચ્છું છું કે તમે ત્રણે સદા સુખી થાઓ ને વિજયી બનો. મારો આશિર્વાદ છે.'

(ક્રમશઃ)

## -: અકલ્પી ભેટ :-

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ અમને સત્યપથ ઉપર તા. ૨૦-૫-૮૯ના રોજ એક માટીનો ગલ્લો આપ્યો. પૂ. માએ ગયા વર્ષે માટીના જે ગલ્લા બાળકોને બચત કરવા આપેલા, તેમાંનો જ એ ગલ્લો હતો.

પૂ. માને તે ગલ્લો અમદાવાદના સંનિષ્ઠ સાધક શ્રી ઈશ્વરભાઇ છાટબારના પુત્રો શ્રી હિતેષ અને દર્શન તરફથી મળેલો. પૂ. માએ તે ગલ્લો અધ્યાત્મને ભેટ આપવા અમને આપ્યો.

અમે ગલ્લો હાથમાં લીધો, પરંતુ તેમાં કંઇ ખાસ વજન લાગ્યું નહિ. એટલે થયું એમાં પરચુરણ કે સિક્કા ઓછા છે, કદાચ નોટો હશે. ગલ્લા ઉપર લખેલાં સત્યપથના પાછલાં ત્રણ અક્ષરો શ્રી બાબુભાઇને પપપ જેવાં વંચાયા. અમે કહ્યું 'રૂ. પપપ હોય તો તો બહુ સારું કહેવાય. ચાલો, તમારા હાથે જ ગલ્લો તોડો.'

એક લૂગડું પાથરી એ ગલ્લો તેમણે તોડયો તો અમારા અચંબાનો પાર ન રહ્યો. તેમાં રૂ. ૧૦૦ તથા ૫૦ ની પણ કેટલીક નોટો હતી. ગલ્લામાંથી કુલ કેટલી રકમ નીકળી હશે કલ્પી શકો છો ?-ચારસો પાંચસો નહિ પણ પૂરા રૂ. ૧૫૮૦ એમાંથી નીકળ્યા. આ અણધારી આટલી મોટી ભેટ આપવા બદલ શ્રી ઈશ્વરભાઇ અને એમના પુત્રો શ્રી હિતેષ ને દર્શનને ખરેખર અભિનંદન. -તંત્રી

## નવ મળતું

માગેલું નવ મળતું, મનવા !
માગેલું નવ મળતું,
ત્યાગેલું પળે વળતું,
મનવા ! માગેલું નવ મળતું.

તૃષ્ણાનાં તરુવર શાં મ્હોર્યાં !
ફૂલ અપેક્ષા ફૂટે,
રૂપકડાં ફળ ઈન્દ્ર વર્ણાં !
અભાગિયા જીવ લૂંટે.

સુવર્ણનાં મૃગ શાં માયાવી
ખાધે જીવતર ટળતું,
મનવા ! માગેલું નવ મળતું.

નહીં અપેક્ષા, નહિ ઉપેક્ષા :
સમતાની સરવાણી;
દૂર દૂર સરક્યા દરિયાનાં
સલિલ લાવે તાણી.

લીધે લય, દીધે શતધા જય.
વાવેલું પાંગરતું,
મનવા ! ત્યાગેલું પળે વળતું,
મનવા ! માગેલું નવ મળતું.

ડો. રણજિત પટેલ (અનામી)



## અભિપ્સા ને યાચના

જે દુઃખથી શુદ્ધ જીવન ઘડાતું,
જે કષ્ટથી 'પ્રારબ્ધ' ભોગવાતું,
જે આઘાત–ઝટકે 'અહં' ચૂર્ણ થાતું,
જે વ્યથા–વિષાદે હરિને ભજાતું,
જે આંસુ થકી આત્મજીવન રચાતું,
તે કૃપા કરી સર્વ દેજે પ્રભુ તું !

## દુઃખો પ્રત્યે સમ–આદર

દુઃખોને 'દુઃખ'ના ગણશો, કૃપાની એ પ્રસાદી છે !
દુઃખોને ભાવથી ભેટો !–દુઃખો વિકાસ અર્થે છે !
ઝઝૂમવાના પ્રયત્ન સૌ, ઊંડે ઊંડે મથાવે છે,
નવા વિચાર પ્રેરીને, દિશા સાચી સૂઝાડે છે !

## એક જીવનસત્ય

કંઈ 'અણગમતું' બને ત્યારે, બીજાંનો દોષ જોતો હું !
કે, સ્થિતિ–સંજોગોને લીધે, પડે સહેવું–સમજતો હું !
પણ, 'સળંગતા'થી[1] મથન કરતાં, ઊંડું આ સત્ય સમજાયું–
કે જીવનમાં જે થતું તેનું—મૂળે તો હું જ 'કારણ' છું !

રતિલાલ ભાવસાર

૧. કાર્ય–કારણ પરંપરાની સમગ્રતા અને સળંગતાની રીતે.

## પ્રાર્થના

(ગઝલ)

ભલે દુશ્મન બને દુનિયા
તમે ના કોપશો ! બાપુ !
અમીમય આંખ ક્યારીમાં
અફીણ ના રોપશો ! બાપુ
તમારી જ્યાં દયાદૃષ્ટિ
અહાહા ! ત્યાં અમીવૃષ્ટિ
બને સ્નેહી સકળ સૃષ્ટિ
સદા હૃદયે વસો બાપુ !
અમારા દોષ ના જોશો
દયાળુ દુર્ગુણો ધોશો !
અમે તો આપના છોરું !
સુબુદ્ધિ આપશો બાપુ !
નથી શ્રાદ્ધા અમોને તે
શિખામણ આપીએ તમને !
સૂણી દીન બાલની વાણી
મધુરું શું હસો ? બાપુ !

નરેન્દ્રકુમાર વી. ભટ્ટ

## ભાડૂતી ઘર

માનવને મળેલું માનવ શરીર અને જગત પણ ભાડૂતી મકાન જેવું જ છે. કેટલાક માનવો એમાં આવીને એને સુરક્ષિત રાખે છે, શણગારે છે, વધારે ને વધારે સારૂં કરવાનો પુરુષાર્થ કરે છે; તો કેટલાક એને બગાડે છે, એની શોભામાં વધારો કરવાને બદલે ઘટાડો કરે છે અને જે ઘર પોતાનું નથી એને પોતાનું સમજે છે, એમાં મમતા અને આસક્તિ કરે છે અને એને છોડવાનો સમય આવતાં બેચેન બને છે, શોક કરે છે, ને સંતાપ અનુભવે છે.

માનવજીવન અને જગત એક ભાડૂતી ઘર જેવું છે. એમાં મમતા કે માલિકીભાવ કરવો અસ્થાને છે. એના મૂળ-માલિક આપણે નથી. આપણે તો ભાડૂત છીએ એ યાદ રાખવાનું છે. આ ઘરમાં શ્વાસ લેવાનું સૌભાગ્ય સાંપડયું છે ત્યારે એને અધિકાધિક સ્વચ્છ, સુંદર, સમૃદ્ધ અને સમુન્નત કરવાનો અને એના ગૌરવને જાળવી રાખવાનો પ્રયત્ન કરીએ એ આવશ્યક છે. એને બગાડવાનો, આસુરી સંપત્તિથી ભરી દેવાનો પ્રયાસ શોભાસ્પદ બનાવવાનો વ્યક્તિગત તથા સમષ્ટિ-ગત પ્રયત્ન કરીએ તો એના સ્વરૂપને પલટાવી શકીએ. એવું ના કરીએ તો આપણા સિવાય બીજા કોઈનેય દોષ દેવાનો ના હોય. ભાગ્યને, ગ્રહનક્ષત્રને, કાળને, કર્મને, ઇશ્વરને કોઇનેય નહીં.

–યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# એકાંતનું મહત્વ

એકાંત માણસના વિકાસને માટે ખૂબ ખૂબ જરૂરી છે. જેને આત્મજ્ઞાનની ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવી છે, ક્ષણિક વાસના કે વિષય સુખથી પર થઈને જેણે આત્માનંદના અમર આસન પર પલાંઠી મારવી છે, તેણે એકાંત સેવન કર્યે જ છૂટકો છે. ચિત્તની એકાગ્રતા કે ધ્યાનને માટે તો એકાંત એક ઔષધિ જ છે. એકાંતમાં સાધના ઝડપી બની જાય છે અને એવા કેટલાય દોષો, જેની નિવૃત્તિ સંસારમાં થતી નથી તે એકાંતમાં તરત શમી જાય છે.

મહાન પુરુષો કે યોગીઓએ એકાંતવાસથી કેટલી ચમત્કારભરી આત્મશક્તિ મેળવી છે તે વાત ઇતિહાસ બતાવે છે. આ જ મહાનપુરુષોએ સૃષ્ટિને પ્રેરણા પાઈ છે ને યુગો આગળ ધકેલી દીધી છે. સંસારમાં માણસને પણ એકાંતની તેટલી જ જરૂર છે.

ઇન્દ્રિય વાસના, કામના, લાલસા વગેરે કેટલીયે દુષ્ટ વૃત્તિઓ જે માનવને દાનવ કરે છે તે એકાંતના અદ્દ્ભુત આનંદથી મટી શકે છે ને માણસને એ શક્તિ ને પ્રેમનું પાન કરાવે છે જે તેને દેવ બનાવી દે છે.

એટલા જ માટે પ્રવૃત્તિશીલ માણસે પણ પોતાની પ્રવૃત્તિનો થોડો ભાગ પણ નિવૃત્તિ માટે ગાળવાની ખૂબ જરૂર છે. સુંદર એકાંત સ્થળે થોડો સમય પણ રહેવાની ખાસ જરૂર છે. સંસારની પ્રવૃત્તિ માટે આ એકાંત તમને વધારે દૃઢતા ને વધારે બળ આપશે તે નિર્વિવાદ છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.